

Yellow Sapphire




# CERTIFIED GEMSTONES

with Buy Back Guarantee



Ruby



Emerald



Pearl



Coral



Diamond



Blue Sapphire



Hessonite



Cat's eye

## RATNAश्री®

## Gems & Jewels

42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, **www.ratnashree.com**

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

# સંપાદકનું સારેગમ

## ન્યારા પંથ ઉપર આપને મોકળી ચાલ અને ગતિ મળે એ જ આશા

રસ્તા બે પ્રકારના હોય—એક વિશાળ માર્ગ, ધોરી માર્ગ અને એક નાની કેડી, પગદંડી. ઘણાંના જીવનમાં ધોરી માર્ગનું ખૂબ મહત્ત્વ હોય છે. એ રસ્તો પકડવાનું કારણ ત્યાં ખાડાટેકરા નથી હોતા. એ રસ્તે સીધેસીધા ચાલતા રહેવાનું છે. દોડ્યા કરવાનું છે. આ જ રસ્તે ચાલનારાંની ગતિ એ જ આપણી ગતિ બની રહે છે. આપણે જો સહેજ પણ ધીમા પડ્યા કે ઊભા રહ્યા તો આ રસ્તે ચાલતાં અન્ય તમને ધક્કા મારશે અથવા તો તમને ફંગોળી દેશે. આ રસ્તે મનને શાંતિ નથી ઉપરાંત કેટલીય પળોજણો છે. આ રસ્તો બસ એકધારો આગળ ને આગળ લંબાતો જ રહે છે. ક્યાંય નિરાંત નથી.

જે બીજે રસ્તે ચાલવાનું પસંદ કરે છે તેમની વાત ન્યારી છે. પોતાની સ્વાભાવિક ગતિ જાળવી અને જે પોતાની કેડી ચાતરે છે તેમને ધન્યવાદ. કારણ, તેઓ બીજે ક્યાંક પહોંચવાનો મોહ અને લોભ છોડી પોતાની જાત સુધી પહોંચે છે.

ધોરી માર્ગથી થોડે જ દૂર અને લગભગ સમાંતરે પોતાની પગદંડી પર ચાલવું એટલે જ કશુંક પામવું અને મેળવવું.

આવા ન્યારા પંથ ઉપર આપને મોકળી ચાલ અને ગતિ મળે એ જ આશા.

**— સૌમિલ મુનશી**

Follow us on
/ShyamalSaumil

SHYAMAL-SAUMIL
the musical odyssey

વર્ષ: ૮/અંક: ૯૮/ફેબ્રુઆરી, ૨૦૧૯
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાઘવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર
**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫


કુલ પેજ: ૪૪

**ઈ-મેઈલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં: અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી.
તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ વન્ડરવેવ્સ એન્ટરટેઈનમેન્ટ પ્રા. લિ. ના નામે લખવો.
**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI




CUSTOMIZE YOUR LOOKS WITH PREMIUM FABRICS AND BESPOKE TAILORING SERVICES AT AHMEDABAD, SURAT, BHOPAL, HYDERABAD, INDORE, JAIPUR & PUNE

**Ahmedabad • Anand • Bharuch • Bhavnagar • Bhopal • Gandhidham • Hyderabad • Indore Jaipur • Jamnagar • Pune • Raipur • Rajkot • Surat • Udaipur • Vadodara • Valsad • Vapi**

info@jadeblue.com Shop online @ jadeblue.com

JADE **BLUE**

WHAT YOU WEAR MATTERS

### ઓલ ધ બેસ્ટ ફોર ૧૦૦ અંક

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' તેના ૧૦૦મા અંક તરફ આગળ વધી રહ્યું છે તે જાણી આનંદ થયો. બેસ્ટ લક ફોર ૧૦૦ અંક અપના થકી અમને વિવિધ માહિતીસભર લેખોની શ્રેણી અને સમાચારો અવિરત જાણવા મળ્યા છે. પોતાની આ સફરમાં 'સ્વરસેતુ' મેગેઝીને એવા કેટલાંય વિષયો પરના લેખો સમાવિષ્ટ કર્યા છે કે જે વણખેડાયેલાં હતાં, લોકસંગીત, શાસ્ત્રીય સંગીત અને સુગમસંગીતની સુંદર સફર કરાવે છે. આ મેગેઝીનના માધ્યમથી આપે માત્ર ગોસીપ કે સામાન્ય ચર્ચાને બદલે સતત નવા વિષયો અને સાહિત્યને પ્રાધાન્ય આપ્યું છે. જે અવિરતપણે આપે સાહિત્ય અને સંગીતના જતન માટે કામ કર્યા કરો છો તે અભિનંદનને પાત્ર છે. ભવિષ્યમાં પણ આમ જ આગળ વધતા રહેશો એવી દિલથી શુભકામના.

**— ઘનશ્યામ જાની, અમદાવાદ**

### ભારતીય સંગીતની ધરોહરનો પરિચય કરાવવા બદલ આભાર

'સ્વરસેતુ' સામયિકના આ વખતના અંકમાં આપે જે સંગીતના ઘરાણાં વિશેનો લેખ સમાવ્યો છે તે ખરેખર ખૂબ જ રસપ્રદ છે. ઘણાં વર્ષો પછી આપણા સંગીતના ઘરાણાં વિશે આવી વિગતવાર માહિતી વાંચવા મળી. આખો લેખ વાંચી આપણા ભારતીય સંગીતની ધરોહરનું ગૌરવ થયું. વિવિધ ઘરાણાંનો ઉદભવ અને તેની શિષ્યપરંપરા આગળ વધી એક નવા જ કંઠ ઘરાણાં તરીકે પ્રસ્થાપિત થઈ અને જે આજે પણ આપણા સંગીતમાં વર્તાઈ આવે છે તે જાણી આનંદ થયો.


નંદીની ત્રિવેદીની મુલાકાતમાં હંસાબહેન દવેની સંગીત સફર વિશે જાણ્યું. સ્વરસેતુ સામયિકે તેમના જન્મદિનને ખરા અર્થમાં ઉજવ્યો. તદુપરાંત ગૌરાંગ વ્યાસ સાથેના સંવાદને પણ માણ્યો. ગૌરાંગ વ્યાસ જેવા એક ઉચ્ચ કલાકારની સંગીતયાત્રા ખૂબ સહજ રીતે વર્ણવી. ખરેખર વાંચીને મજા પડી. બસ, આમ જ અન્ય વિષયોને આવરી લો તેવી શુભેચ્છા.

**— નીરવ રામી, અમદાવાદ**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# પ્રવાસીની ડાયરીનું પાનું



કોઈ ના ચાહત રહી ના કોઈ પણ ઇચ્છા હવે,
ક્યાંય દેખાતા નથી સંસાર કે દુનિયા હવે.

કોઈ અંદરથી ભરાવે છે ભરું છું ત્યાં કદમ,
લાગતા ભટકાવનારા બહારના રસ્તા હવે.

બેઉ બાજુ ચાલબાજી ખેલતું મન હરવખત,
ઓળખી લઉં છું તરત એના બધા બ્હાના હવે.

હા, મરી ચૂક્યો છું મારી જાત માટે ક્યારનો,
કાંકરી પણ ખેરવી શકશે નહીં શંકા હવે.

કોણ સાચું કેટલું? મિસ્કીન જાણી લે તરત,
આવડ્યું છે દૂર જઈને મન તને જોતા હવે.

— રાજેશ વ્યાસ 'મિસ્કીન'

જીવનમાં કોઈ વસ્તુ ત્યાગીએ એના કરતાં તે છૂટી જાય એ વધારે મહત્ત્વનું લાગ્યું છે. જીવનમાંથી એક પછી એક કંઈ એ રીતે છૂટતું ગયું કે અચાનક એક દિવસ ખબર પડી કે કોઈ ઇચ્છા, કોઈ મહેચ્છા હવે ખાસ સતાવતા નથી અને એની સાથે સાથે જે સંસારથી કંટાળી ગયો હતો એ સંસાર પણ ન જાણે ક્યાંય અદૃશ્ય થઈ ગયો. એ દુનિયા પણ જાણે અદૃશ્ય થઈ ગઈ. આ વાત થોડી વિગતે કરવાનું મન થાય છે.

ઇચ્છાઓથી ભરેલું મન સ્થિર નથી રહી શકતું. મૂળ તો ઇચ્છાઓ એટલે જ મન એમ કહીએ તો કશું ખોટું નથી. મન જાણે ઇચ્છાઓનું સંગ્રહસ્થાન બની ગયું હોય છે. ક્યાંય

અટક્યા વગર એ સતત દોડ્યા કરે છે. કોઈ એક જગ્યાએ રોકાઈ શકતું નથી. જો ક્યાંય ઊંડે ઉતરવું હોય તો રોકાઈ જવું જરૂરી હોય છે. અટકો તો જ ઊંડા ઉતરી શકાય છે. એક બાબત એ પણ જાણવા જેવી છે કે આપણી બધી જ ઇચ્છાઓ ભવિષ્યના સંદર્ભમાં જ હોય છે. ઇચ્છાઓને લીધે ભવિષ્યમાં જ સુખ દેખાય છે. વર્તમાનને ઠોકર મારીને, વર્તમાનને અવગણીને મન ભવિષ્ય તરફ દોડતું જ રહે છે. જેટલી વધારે ઇચ્છાઓથી મન ભરેલું હોય છે, આપણો વર્તમાન એટલો આપણને નીરસ લાગે છે. જીવન, આપણું અસ્તિત્વ, ચૈતન્ય એટલે વર્તમાન. જેણે પોતાના અસ્તિત્વને માણવું છે એણે વર્તમાનમાં જ જીવવું જોઈએ.

ઇચ્છાઓથી ભરેલું મન સ્થિર નથી રહી શકતું. મૂળ તો ઇચ્છાઓ એટલે જ મન એમ કહીએ તો કશું ખોટું નથી. મન જાણે ઇચ્છાઓનું સંગ્રહસ્થાન બની ગયું હોય છે.

પહેલી બે પંક્તિઓ આમ સરળ લાગે એવી છે. પરંતુ એ અવસ્થાએ પહોંચવું જરાય સરળ નથી.

**કોઈ ના ચાહત રહી ના કોઈ પણ ઇચ્છા હવે,**
**ક્યાંય દેખાતા નથી સંસાર કે દુનિયા હવે.**

જો કોઈ ઇચ્છા જ રહેતી નથી તો પછી સંસાર સંસાર રહેતો નથી. દુનિયા દુનિયા રહેતી નથી. ચારે તરફ ઈશ્વરે બનાવેલી સૃષ્ટિ દેખાય છે. દુનિયા અને સંસાર મનુષ્યના છે. સૃષ્ટિ ઈશ્વરે બનાવી છે. આખી દૃષ્ટિ જ બદલાઈ જાય છે.

હેમેન શાહનો એક શેર મને ખૂબ ગમે છે.

**એક પણ તૈયાર રસ્તો ના ગમ્યો,**
**ત્યારથી સાચી સફર શાયદ થઈ.**

જ્યારે બહારના તૈયાર રસ્તાઓ નકામા લાગે, પોતાનો અલગ રસ્તો કંડારવાનું મન થાય ત્યારે જ સાચી સફરની-યાત્રાની શરૂઆત થાય છે. દરેક માણસ વ્યક્તિગત ભિન્નતા ધરાવે છે. આપણા માથાના વાળ, આંખોની કીકી, હસ્તરેખા ક્યારેય બે જણના એકસરખા નથી હોતા. ત્યારે ચોક્કસ તૈયાર કરેલા રસ્તાઓ ઉપર પોતાની યાત્રા કઈ રીતે સફળ થાય? ટોળામાં તો ઘેટાંને હાંકી શકાય. જ્યારથી બહારના બધા રસ્તા ભટકવાના લાગ્યા છે. ત્યારથી કોઈ અંદરથી જે દિશામાં જ્યાં પગલાં ભરવાનું કહે છે ત્યાં પગલાં ભરું છું.

મનને ઓળખવા જીવવું છે. મન બેઉ બાજુ ચાલબાજી કરતું હોય છે. માણસો બેઉ બાજુ બોલતાં હોય છે. એક મિત્રએ મને પૂછ્યું હતું કે હું પૂજાપાઠ કરું છું એ મારી પત્નીને નથી ગમતું. હું મારી પત્નીને ખૂબ ચાહું છું. એને દુઃખ દેવા માગતો નથી. શું કરું? એટલે પૂજા નથી કરતો. મેં એને કહ્યું તારી પડોશણ તને ગમે છે તેની સાથે વાતો કરે છે ત્યારે તારી પત્નીને દુઃખ થશે એ વિચાર આવે છે ખરો? મેં તને જ્યારે કહ્યું ત્યારે તો તું એમ બોલ્યો હતો કે, કોણ પતિ અને કોણ પત્ની? સંસારના બધા સંબંધો માયાના છે. પત્નીનું તો બહાનું છે. મન હંમેશા બહાનાઓ શોધતું હોય છે. એટલા માટે એક માણસ બેઉ બાજુ બોલતો હોય છે.

મન બેઉ બાજુ ચાલબાજી કરતું હોય છે. માણસો બેઉ બાજુ બોલતાં હોય છે. એક મિત્રએ મને પૂછ્યું હતું કે હું પૂજાપાઠ કરું છું એ મારી પત્નીને નથી ગમતું. હું મારી પત્નીને ખૂબ ચાહું છું. એને દુઃખ દેવા માગતો નથી. શું કરું? એટલે પૂજા નથી કરતો.

અમૃત ઘાયલનું એક મુક્તક યાદ આવે છે. ખૂબ ગમે છે. આપણે ક્યારેક કોઈનાથી કંટાળી જઈએ, કોઈની ઉપર ગુસ્સે થઈએ ત્યારે કહેતા હોઈએ છીએ કે મારે માટે તું મરી ચૂક્યો છે. પણ આપણે આપણી જાત માટે મરી ચૂક્યા હોઈએ તો? બહુ મોટી ક્રાંતિ સર્જાય.

**આખરી શ્વાસ ભરી ચૂક્યો છું,**
**વાયદા પૂર્ણ કરી ચૂક્યો છું.**

**અન્યને માટે જીવું છું હવે,**
**મારે માટે તો મરી ચૂક્યો છું.**


આવું લખવું અને આવું અનુભવવું એ બે જુદી જ વાત છે. કવિને એ સહજ સિદ્ધ છે. બેફામની પંક્તિ યાદ આવે છે.

**ભૂખ્યાં પેટે રચ્યાં છે કાવ્ય મેં હરિયાળા ખેતરના.**

હવેના શેરમાં જે વાત કહેવી છે એ એજ છે.

**હા, મરી ચૂક્યો છું જાત માટે ક્યારનો,**
**કાંકરી પણ ખેરવી શકશે નહીં શંકા હવે.**

જ્યાં સુધી ઇચ્છાઓથી ભરેલા હોઈએ છીએ, જ્યાં સુધી નિષ્કામ ભાવ સમજાયો નથી હોતો ત્યાં સુધી પોતાને માટે જીવવું ખૂબ ગમે છે. પણ જેવો નિષ્કામભાવ પ્રગટે છે, કોઈ ઇચ્છા રહેતી નથી પછી ભીતરની દુનિયાના પ્રવાસી માટે એક બહુ મોટી ક્રાંતિ સર્જાય છે. એની શ્રદ્ધા પણ અખંડિત બની જાય છે. પછી એની શ્રદ્ધાની કાંકરી યે કોઈ નથી ખેરવી શકતું. શંકા પણ ઇચ્છાઓને લીધે જ થાય છે. અને આ બધું જોવું અઘરું નથી. દૂર રહીને દૃષ્ટાભાવથી મનને જોયા કરીએ તો તેની દરેક વખતની દલીલો કેટલી સાચી અને કેટલી ખોટી છે તે તરત જ સમજાઈ જાય છે.



# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી.
# સૂર શબ્દની સાથે જોડાવ...




- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

**સ્વરસેતુ**
**ન્યૂઝ ડાયજેસ્ટ**







સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu@yahoo.com

| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹૪૦૦ (૧૨ અંક) | ₹૭૫૦ (૨૪ અંક) | ₹૧૧૦૦(૩૬ અંક) |

**આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ**

હું.............................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹.......................મોકલી આપુ છું,

નામ :-...........................................................................................................................

સરનામું :-.......................................................................................................................

.....................................................................................................................................

ટેલિફોન નંબર :-.......................................મોબાઈલ નંબર :-.................................ઈ-મેઈલ :-.......................................

ચેક/ડી.ડી નંબર :-.......................................બેંક :-.......................................................તારીખ :-..........................

( લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી, મનીઓર્ડર કે ડ્રાફ્ટ
WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.



રતિલાલ બોરીસાગર

# હું, ફિલ્મો અને દેવ આનંદ



ઈ. સ. ૧૯૭૦-૭૧માં હું અલીયાબાડાના દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયમાં બી.એડ.નો અભ્યાસ કરી રહ્યો હતો એ વખતની વાત છે. રવિવારની એક સવારે અમારા છાત્રાલયના વિદ્યાર્થીઓમાં એક ગીત કઈ ફિલ્મનું છે એ અંગે ઉગ્ર ચર્ચા ચાલી રહી હતી. એ લોકો એટલે મોટેથી ચર્ચા કરી રહ્યાં હતા કે બાજુના રૂમમાં મને બધું સંભળાતું હતું. હું ઊઠીને એ રૂમમાં ગયો. ચર્ચા એકદમ થંભી ગઈ. ગાંધીવિચારસરણીને વરેલાં શિક્ષણમહાવિદ્યાલયનું છાત્રાલય હતું; બી.એડ.ના અન્ય વિદ્યાર્થીઓ કરતાં હું ઉંમરમાં મોટો હતો એટલે એ લોકો મને મુરબ્બી માનતા હતા; આગલે દિવસે જ એ લોકોએ સ્વામી વિવેકાનંદ વિશેનું મારું વ્યાખ્યાન સાંભળ્યું હતું તેથી તેઓની ફિલ્મની ચર્ચા હું સાંભળી ગયો એ અંગે સ્વાભાવિક જ તેઓને સંકોચ થયો હશે. મેં કહ્યું, 'તમે લોકો કહો છો એમાંથી એકેય ફિલ્મનું એ ગીત નથી; એ ગીત ફિલ્મ 'નૌ દો ગ્યારાહ'નું છે. ગીત સાહિર લુધિયાનવીનું છે; સંગીત એસ.ડી.બર્મનનું છે, અને આશા ભોંસલે તથા કિશોરકુમારે એ ગીત ગાયું છે તથા દેવ આનંદ અને કલ્પના કાર્તિક પર એનું ચિત્રીકરણ કરવામાં આવ્યું છે.' આ પછી ફિલ્મોના મારા બેહદ શોખ વિશે—એમાંય દેવ આનંદની ફિલ્મો અંગેના મારા ક્રેઝ વિશે, દેવ આનંદ મારા સૌથી પ્રિય હીરો હોવા વિશે મેં સવિસ્તાર બયાન કર્યું ત્યારે મારી વાત સાંભળી કોઈ બેભાન થઈ ન ગયું એટલું ગનીમત—બાકી સૌ દિગ્મૂઢ તો થઈ જ ગયા. વિવેકાનંદથી દેવ આનંદ સુધીની મારા જ્ઞાનની રેન્જથી

એ સૌ સ્તબ્ધ થઈ ગયા—અહોભાવથી નહીં—આઘાતથી; ઊલટું, સ્વામી વિવેકાનંદ વિશેના મારા વક્તવ્યથી મારા વિશે એ લોકોના મનમાં જે અહોભાવ જન્મ્યો હતો એમાં એકદમ ઓટ આવી ગઈ!

ફિલ્મોનો ચસકો મને બહુ નાની ઉંમરથી લાગેલો. મારા વતન સાવરકુંડલાની એ વખતની એકમાત્ર ટૉકિઝના માલિકનો પુત્ર નવીન, મૅનેજરનો પુત્ર બકુલ મારા મિત્રો. બકુલ અને હું તો રહીએ પણ પાસેપાસે. શરૂઆતમાં નવીન અને બકુલ બંનેના—અને પછી નવીન સાવરકુંડલા છોડીને ગયો તે પછી છત્રીસ વરસની ઉંમરે મેં સાવરકુંડલા છોડ્યું ત્યાં સુધી—બકુલના સૌજન્યથી મફતમાં ખૂબ ફિલ્મો જોઈ. ફિલ્મો જોવાનો આનંદ તો ખરો જ પણ એથી અદકો આનંદ મફત ફિલ્મો જોવાનો પણ હતો. અમદાવાદમાં આવ્યા પછી શરૂશરૂમાં પૈસા ખર્ચીને ફિલ્મો જોવાનું ઘણું આકરું લાગતું.

નાની ઉંમરમાં નાદિયા-જૉન કાવસની ઘણી ફિલ્મો જોયેલી. વાંકડિયા રૂપેરી બોબ્ડ કટ વાળવાળી, આંખે કાળી પટ્ટીનો બુરખો પહેરતી, ઘોડેસવારી કરતી, ચાબુક વીંઝતી, તલવારની પટ્ટાબાજી ખેલતી, પિસ્તોલથી ગોળીઓની રમઝટ બોલાવતી; દોડતી ટ્રેનના છાપરા પર ગુંડાઓ જોડે મારામારી કરતી ફીયરલેસ નાદિયા જેવી બીજી ઍક્શન હિરોઈન ફરી ક્યારેય રૂપેરી પડદા પર દેખાઈ નથી. જૉન કાવસ પહેલવાન જેવા દેખાતા. અમિતાભ બચ્ચન કે ધર્મેન્દ્રની જેમ એકલે હાથે અનેક ગુંડાઓને મ્હાત કરતાં. જૉન કાવસની આ વીરતા મને ઘણી ગમતી પણ રૂપાળી નાદિયા રુક્ષ દેખાતા જૉન કાવસના પ્રેમમાં પડતી એ મને બિલકુલ ગમતું નહીં. હોમી વાડિયાની ફિલ્મોમાં નાદિયા-જૉન કાવસની સાથે સરદાર મન્સૂર નામનો સોહામણો અભિનેતા ઉપનાયકની ભૂમિકામાં આવતો. નાદિયા અને સરદાર મનસૂરની જુગતે જોડી થાય એમ મારા બાલમાનસને સતત લાગ્યા કરતું પણ ન તો આટલી સાદી વાત નાદિયા સમજતી ન તો દિગ્દર્શક હોમી વાડિયા સમજતા. એટલે ફિલ્મો જોયા પછી ઘેર આવી મારા કલ્પનાજગતમાં આ ફિલ્મોની પટકથામાં હું મોટા ફેરફાર કરતો. નાદિયાને સોહામણા સરદાર મનસૂરના પ્રેમમાં પાડતો અને જૉન કાવસના કાંડે નાદિયા રાખડી બાંધતી હોય એવું મૌલિક દૃશ્ય ફિલ્મની પટકથામાં હું ઉમેરતો અને એમ કરીને જૉન કાવસને પ્રેમીને બદલે ભાઈ બનાવીને, નાદીયાની રક્ષાની જવાબદારી એને માથે નાખતો. આઠ-નવ વરસની ઉંમરે ફિલ્મોની પટકથા લખી હોય એવું બીજું દૃષ્ટાંત જડવાનો સંભવ બહુ ઓછો છે. એટલે એનો લેખિત પુરાવો મારી પાસે હોવાના કારણે સૌથી નાની ઉંમરના પટકથા લેખક તરીકે ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં મારું નામ ન આવી શક્યું.

વીસેક વરસની ઉંમરે સમજપૂર્વક ફિલ્મો જોવાનું શરૂ થયું ને શરૂઆતમાં જ સી.આઈ.ડી. ફિલ્મ જોવામાં આવી અને પહેલી નજરે જ હું દેવ આનંદના પ્રેમમાં પડી ગયો. સી.આઈ.ડી.માં ઊંચા સોહામણા ઝરકીન પહેરેલા દેવ આનંદ મસ્તીભરી ચાલથી શકીલાની પાછળ પાછળ જઈ રહ્યાં છે. એક સ્ટ્રીટ સિંગર યુગલ 'લેકે પેહલા પેહલા પ્યાર, ભર કે આંખો મેં ખુમાર, જાદુનગરી સે આયા હૈ કોઈ જાદુગર...' વાળું ગીત ગાતું હોય છે એ દૃશ્ય પહેલી વાર જોયું ત્યારથી મનમાં ચોંટી ગયું. ત્યાર પછી ઠીક ઠીક વખત સુધી દેવ આનંદની જેમ ચાલવાનો પ્રયત્ન કરેલો (અલબત્ત, કોઈની પાછળ પાછળ નહીં—એકલાં એકલાં. જોકે કોઈની પાછળ પાછળ ચાલવાની વૃત્તિ નહોતી એવું નહોતું. પણ એવી અને એટલી હિંમત નહોતી.) દેવ આનંદની જેમ ઊંચે જોઈને ટટ્ટાર ચાલવા જતા એકવાર ખાડામાં પગ ઘૂસી ગયો અને ફ્રૅક્ચર થઈ ગયું પછી દેવ આનંદની જેમ ચાલવાનું આપણું કામ નહીં એમ સમજી ગયો અને મારી ઓરિજિનલ ચાલ

ચાલવા માંડ્યો.

ઈ. સ. ૧૯૫૮ના અરસામાં મિત્રો સાથે માઉન્ટ આબુ જતા બે-ત્રણ દિવસ અમદાવાદમાં રોકાવાનું થયું હતું. એ વખતે મિત્રો અમદાવાદમાં હર્યાફર્યા હતા, પણ મેં એ દિવસો દરમિયાન દેવ આનંદની અમદાવાદમાં ચાલતી બધી ફિલ્મો જોઈ પાડી હતી. અમદાવાદમાં દેવ આનંદની ફિલ્મો કરતાં વધુ સારું કંઈ જોવાનું હોઈ શકે એવું ત્યારે મને લાગ્યું નહોતું!

દેવ આનંદની ફિલ્મો જોવા ઉપરાંત દેવ આનંદ વિશે જે કંઈ વાંચવા મળે તે હું વાંચ્યા કરતો—હજુ વાંચું છું. મેં વાંચેલું કે દેવ આનંદ હોલિવુડના અભિનેતા ગ્રેગરી પૅકની સ્ટાઈલમાં અભિનય કરે છે. મારા પ્રિય હીરો પર જેનો પ્રભાવ હોય એ અભિનેતા તો વળી કેવાય હશે એવા કુતૂહલથી ગ્રેગરી પૅકની એકાદ ફિલ્મ પણ જોયેલી (કદાચ 'અ મિલિયન પાઉન્ડ નોટ') પણ ગ્રેગરી પૅકથી હું ખાસ પ્રભાવિત નહોતો થયો. ગ્રેગરી પૅક હશે મહાન અભિનેતા, પણ દેવ આનંદ એટલે દેવ આનંદ!—એવું ત્યારે મને લાગેલું અને આજે પણ એમ જ લાગે છે!

દેવ આનંદ અને એક સમયનાં મહાન અભિનેત્રી તેમજ ગાયિકા સુરૈયા પરણવાનાં હતાં, પણ સુરૈયાનાં દાદીમાના વિરોધને કારણે પરણી ન શક્યાં એવું મેં જાણ્યું ત્યારે દેવ આનંદ અને સુરૈયાને લાગ્યો હશે એનાથી વધુ આઘાત મને લાગેલો. (એ લોકો કદાચ આ આઘાતમાંથી મુક્ત થઈ ગયાં હશે, પણ હું હજુ નથી થયો!) સુરૈયાનાં દાદીમા પર મને ખૂબ ગુસ્સો ચડેલો. પણ મારા ગુસ્સાનો કશો અર્થ નહોતો.

દેવ આનંદને કારણે મેં સુરૈયાની દેવ આનંદ સાથેની અને દેવ આનંદ વગરની કેટલીક ફિલ્મો જોયેલી. દેવ આનંદ અને સુરૈયાની એકબીજાની પસંદગી માટે મને માન થયેલું. નાદિયા—જૉન કાવસને પડદા પરનાં પ્રેમીઓ તરીકે પણ મેં માન્ય નહોતાં કર્યાં, જ્યારે દેવ આનંદ અને સુરૈયાને ખરેખરાં પ્રેમીઓ તરીકે પણ મેં માન્ય રાખ્યાં હતાં. પરંતુ એ વખતે ઘણું મોડું થઈ ગયું હતું. દેવ આનંદ કલ્પના કાર્તિકને પરણી ચૂક્યા હતા. અલબત્ત, સુરૈયા આજીવન અપરણિત રહ્યાં હતાં.

દેવ આનંદ જેવી ચાલ ચાલવા જતાં ફ્રૅક્ચર થવાના સંજોગો ઊભા થયા. એટલે એ પ્રયોગ છોડી દીધો, પણ દેવ આનંદની જેમ વાળ ઓળવાના પ્રયોગ તો વાળ રહ્યાં ત્યાં સુધી ચાલુ રાખ્યા હતા. મારો ચહેરો ઈર્ષાપાત્ર કદી હતો જ નહીં. હંમેશા દયાપાત્ર જ રહ્યો છે. પણ મારા વાળની મારા મિત્રોને ખૂબ ઈર્ષા થતી.

દેવ આનંદ જેવો ફુગ્ગો પાડીને ઓળેલા મારા વાળને કારણે કોઈ છોકરી મારા પર મોહી પડશે ને કાગડો દહીંથરું લઈ ગયાનો ઘાટ થશે એવી મારા મિત્રોને બીક લાગતી. (કાશ! એમની બીક સાચી પડી હોત!) પણ હવે 'તે હિ નો દિવસ ગતા'. દેવ આનંદે માથે પણ એ મોહક ફુગ્ગો નહોતો રહ્યો, ને મારે માથે ભૂતપૂર્વ ફુગ્ગાનું નાનકડું ખંડેર રહ્યું છે. અલબત્ત, ખંડહર કહતે હૈ, ઈમારત બુલંદ થી.

અમે મિત્રો બાવીસ-પચ્ચીસના હતા ત્યારે દિલીપકુમાર, દેવ આનંદ અને રાજ કપૂર—એમ ત્રણ છાવણીમાં વહેંચાયેલા હતા. અલબત્ત, દેવ આનંદની છાવણીમાં હું એકલો હતો. પણ એ વખતે હું માનતો હતો કે બાવીસ-પચ્ચીસની ઉંમરે જેને દેવ આનંદ પ્રિય ન હોય એ યુવાન (કે યુવતી) યુવાન જ ન ગણાય!

દિલીપકુમાર અને રાજ કપૂરને ફિલ્મ ઉદ્યોગનો સૌથી વધુ પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે ઍવોર્ડ મળ્યો ત્યારથી દેવ આનંદને એ ઍવોર્ડ મળે એની હું આતુરતાપૂર્વક રાહ જોતો હતો ને દેવ આનંદ એ ઍવોર્ડથી વિભૂષિત થયા ત્યારે એમના કરતાંય કદાચ મને વધુ આનંદ થયો હતો!

**('ૐ હાસ્યમ્'માંથી, સાભાર: ગૂર્જર પ્રકાશન)**

# ‘વસુંધરાની વાણી’માં ઝીલાશે વસુંધરાનો પોતીકો અવાજ






‘વસુંધરાની વાણી’ એક એવી પ્રવૃત્તિ છે જેમાં કવિતા, ભજન, દુહા અને શબ્દરૂપે પ્રગટ થતી વસુંધરાની પોતાની વાણીમાંથી ગુજરાતના અને ભારતભરના કવિ, ભજનિકોની વાણી આપણા સુધી પહોંચાડવામાં આવે છે.



સર્જક ધ્રુવ ભટ્ટની પ્રેરણા અને અમદાવાદનાં કલા અને સાહિત્યપ્રેમી મિત્રોના સહયોગથી, તારીખ ૦૨ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ, રા. વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે, માળવાના નિર્ગુણ પરંપરાના, દેવાસ (મધ્યપ્રદેશ)ના સુપ્રસિદ્ધ લોકગાયક કાલુરામ બામણીયા તથા સાથી કલાકારો દ્વારા કબીરસાહેબની વાણીનો ભજન ગાયનનો કાર્યક્રમ ‘વસુંધરાની વાણી’ (Voices of the Earth)નું આયોજન કરવામાં આવ્યું છે.

# મારાં સાસુ – મારી મા!



માની હું ભારે લાડકી. બહુ લાડકોડમાં મને ઉછેરેલી. એટલે એને બહુ ચિંતા, આને સાસુ કેવી મળશે? સાસુ સાથે કેવું ફાવશે? એની સાસુએ એને બહુ જ હેરાન કરેલી. તેથી સાસુ એટલે શત્રુ જ, એવી છાપ એના મન પર પડી ગયેલી. એ શત્રુનો સામનો કેવી રીતે કરવો, તેની તાલીમ એ મને આપતી રહેતી.

લગ્નને મહિનો બાકી હતો, ત્યારે તો ડગલે ને પગલે એને કાંઈ ને કાંઈ સૂઝતું, અને તે એક પછી એક સૂચના મને આપતી જતી... ‘કામ કરવું, પણ બધું આપણે માથે જ પડી જાય એવું ન કરી નાખવું. સાસુ કરતી હોય તેને કરવા દેવું... તારી સાસુ હજી કાંઈ ઘરડી નથી થઈ ગઈ. ઘરની જવાબદારી ભલે થોડાં વરસ સંભાળતી... તારે નોકરીએ કરવાની, એટલે ઘરનું તારે માથે નહીં લઈ લેતી. નહીં તો રસોડું ને ઘરકામમાંથી ઊંચી જ નહીં આવે!... બહાર જવા માટે સાસુની રજા માગવાની ટેવ પહેલેથી જ ન પાડવી... કપડાં, દાગીના બધું ખુલ્લું નહીં કરી દેવું. પછી કોઈ પહેરવા માગે તો ના નહીં કહી શકાય... અજયને તારા હાથમાં રાખજે, તો તારી અડધી લડાઈ જીતી જઈશ.

આવી પૂરતી તાલીમ સાથે હું સાસરે આવી. પણ મને પહેલો અનુભવ સાવ જુદો જ થયો. મારી સાસુનો વર્તાવ અત્યંત સારો લાગ્યો.

સવારે હું થોડી મોડી ઊઠી. મારા મનમાં હતું કે અજયની

ને મારી ચા હું બનાવી લઈશ. પણ હું મોઢું સાફ કરી પરવારું, ત્યાં તો સાસુએ ચા મૂકી દીધેલી. 'બેટા, આમાં તારે વધારે ખાંડ જોઈએ કે ઓછી?'

રસોડામાં મેં સાવચેતીથી થોડો મોડો જ પ્રવેશ કર્યો. છતાંયે સાસુ કહ્યા જ કરે, 'એ તો હું કરી નાખીશ. તું અજય સાથે ફરી આવ ને! રજા પૂરી થયા પછી થોડું જ નીકળાશે?'

રજાઓ પૂરી થઈ અને અમારા બંનેની દોડધામ શરૂ થઈ ગઈ. સવારે દસ વાગ્યામાં ખાઈને નીકળી જવું પડતું. એટલે રસોડાનો બોજ મોટે ભાગે સાસુ પર જ રહેતો. ઊલટાની તૈયાર ભાણે ખાવામાં મને અકળામણ થતી. પણ કાંઈ કરવા જાઉં, તો સાસુ કહે, 'તું પરવાર, તને મોડું થશે. ચાર જણના રસોડામાં કામ કેટલું? અને હવે અજયનું તો બધું તેં જ ઉપાડી લીધું છે. મારા માટે જરીકે બોજો નહીં.'

સાંજે પણ મને રસોડામાં ઝાઝું કરવા ન દે. 'આખા દિવસની થાકીને આવી છે. જરા, બેસ!'

'તને એની પાસે આટલી અપેક્ષા છે તેમ એનેય તારી પાસે કાંઈક અપેક્ષા હશે ને! એ તેં કેટલી પૂરી કરી, એ કદી વિચાર્યું? એક માને છોડીને આવેલી છોકરીની મા બની જઈએ, તો સૌ સારાં વાનાં થાય!

સાસુ કામ કરતાં હોય અને હું બેસી રહું તે મને શોભે? મેં તો માની શિખામણ બાજુએ મૂકી, થાય એટલું કરવા જ માંડ્યું.

એક દિવસ સસરા કહે, 'તને બહુ તાણ પડે છે.' તો પટ દઈને સાસુ બોલ્યા, 'ના રે! હવે તો વહુ છે ને મદદમાં. શાક, કચુંબર, રોટલી બધું એણે જ કર્યું.'

સગાંવહાલાં આવે ને બોલે, 'તમારે તો હજી ચૂલો છૂટ્યો જ નહીં!'

સાસુ તુરત એમની વાત કાપી નાખે: 'ચૂલો છોડીને મારે કરવાનું પણ શું છે? મારી વહુ તો બહાર પણ કામ કરે અને ઘરમાંયે એટલું જ કામ કરે. મારી ચંપા સાસરે ગઈ તે પહેલાં ઘરમાં જ હતી ને! છતાં આટલી મદદ નહોતી કરતી.'

સાસુએ પોતાનાં કપડાં-દાગીના બધું મારા માટે ખુલ્લું મૂકી દીધેલું. પોતાની સારી સાડી કાઢી મને આગ્રહ કરીને પહેરાવે. 'આ સાડી તને બહુ જ શોભશે!'

મારી સાસુ ઝાઝું ભણ્યાં નથી. હું તો માનસશાસ્ત્ર પણ ભણેલી. પણ મારી સાસુ ઘરમાં સહુનાં મન સાચવીને જે રીતે કામ લે છે એ જોઈ હું દંગ થઈ ગઈ છું. પોતાનાં ઘરની રીતભાત, સસરાનો સ્વભાવ, અજયના ગમા-અણગમામાં વગેરે બધું જ મને ખૂબ સલૂકાઈપૂર્વક સમજાવતા રહે. મારા સ્વભાવ ને રીતભાતનુંય બારીક નિરીક્ષણ કર્યા કરે. બધાને મેળ કેમ પડે, એ જ એમની કોશિશ. મને ખાસ કાંઈ કહે નહીં. પણ કહેવું પડે ત્યારે એટલા વાત્સલ્યથી કહે કે આપણા હૃદયમાં સોંસરવું ઉતરી જાય.

એમનાં મોટાં બહેન આવેલાં. પોતાની વહુ વિશે બહુ બળાપો કાઢતાં હતા. સાસુએ તેમાં જરીકે ટાપશી ન પુરાવી. છેવટે માત્ર એટલું બોલ્યાં: 'તને એની પાસે આટલી અપેક્ષા છે તેમ એનેય તારી પાસે કાંઈક અપેક્ષા હશે ને! એ તેં કેટલી પૂરી કરી, એ કદી વિચાર્યું? એક માને છોડીને આવેલી છોકરીની મા બની જઈએ, તો સૌ સારાં વાનાં થાય!

મોટાં બહેન ગયાં પછી હું ખરેખર એમને પગે પડી. એમણે મને બાથમાં લઈ લીધી.

**(શશીકલા બાપટની મરાઠી વાર્તાને આધારે,<br>રૂપાંતર: હરિશ્ચન્દ્ર, પુસ્તક: 'વીણેલાં ફૂલ'માંથી,<br>સાભાર: યજ્ઞ પ્રકાશન)**





અમર ભટ્ટ

# સંગીત શ્રવણ(સ્મરણ)યાત્રા વિરાટનો હિંડોળો ઝાકમઝોળ

સંગીત શ્રવણનાં કેટલાંક સુરીલાં સંભારણા છે. અમદાવાદનાં રાયખડમાં મારા મોસાળમાં (નરસિંહરાવ દિવેટિયા—મારાં મમ્મીના પ્રપિતામહ—નું ઘર) કવિતા-સંગીતની રાતોની રાતો ચાલે એવી મહેફિલો યોજાતી. આ બેઠકો નાનપણમાં કુતૂહલવશ અને પછી રસપૂર્વક માણતો. મર્યાદિત સંખ્યાનાં શ્રોતાઓની દાદ કલાકારોને નવી રચના પીરસવા પ્રોત્સાહિત કરતી. કેટલાંક શ્રોતાઓને દાદ આપતાં જોવા એ ૫૫ન લ્હાવો હતો. કલાકારો જૂનાં ગીતો પણ કાર્યક્રમ દરમિયાન જે કાંઈ સ્ફૂરે એ પ્રમાણે—ઉપજ અંગથી ગાતાં. નવીનતા અને તાજગીનો મહિમા થતો. 'મધરાતે સાંભળ્યો મોર' (https://youtu.be/vqOGn_K-3aE) સાંભળીને એક સુજ્ઞ શ્રોતાએ કહેલું તે યાદ આવે છે.- 'ચંદ્રકૌંસમાં શુદ્ધ રિષભનો પ્રયોગ બહુ ગમ્યો. (પંડિત રામાશ્રય ઝા લિખિત 'અભિનવ ગીતાંજલિ ભાગ-1માંથી રાગ ચંદ્રકૌંસ અંગે જાણવા મળ્યું કે એમાં કેટલાંક ગાયકો વિવાદી સ્વર તરીકે શુદ્ધ રિષભનો પ્રયોગ કરે છે.) એ ગીતમાં રાસભાઈનો મેઘઘેઘૂર અવાજ સાંભળીને ટાગોરના આ કાવ્યમાં છે તેવી અનુભૂતિ થઈ હતી.—'સુની સેઈ સૂર, સહસા દેખીતે પાઈ દ્વિગુન મધુર આમાદેર ધરા' (એ સૂર સાંભળીને એકાએક પૃથ્વી છે એનાથી બમણી સુંદર દેખાવા લાગી.) દક્ષેશભાઈએ એક મહેફિલમાં ગાયેલું યાદ છે. (એ ગીત ૨૦૦૫માં મેં ગાયેલું આ રહ્યું—https://youtu.be/dYAto7OAZnk.) એ ગીતમાંના શબ્દો—'આપણા સંબંધ સખી એવા કહેવાય જાણે શીર્ષક વિનાની કોઈ વારતા'- સમજ્યો નહોતો છતાં ગમી ગયેલા.

૧૯૭૭માં કવિ ન્હાનાલાલ જન્મશતાબ્દી વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીએ ન્હાનાલાલનાં ગીતોનાં ગાનની હરીફાઈ યોજેલી એનું સ્મરણ આજે પણ તાજું છે. મારી ઉંમર ૧૨-૧૩ વર્ષની. મારાં મમ્મી ગુજરાત કૉલેજમાં સંસ્કૃતનાં પ્રાધ્યાપક હતાં અને એ કૉલેજના વિદ્યાર્થીને 'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ' તૈયાર કરાવ્યું હતું. એ ગીત પ્રથમ આવ્યું. મમ્મીએ કહેલું કે 'વિરાટનો હિંડોળો' પંડિત ઓમકારનાથ ઠાકુર ગાતા. પછી હું પણ એ ગીત શીખ્યો. એ વખતે શબ્દો સમજેલો? ના. આજે સમજું છું? ના. પણ એટલું સમજાયું કે કવિતાનું શબ્દશઃ અર્થઘટન ન કરવાનું હોય પણ એને અનુભવવાની હોય.

પંડિતજીના શિષ્ય અને જાણીતા સંગીતકાર અતુલ દેસાઈના અવાજમાં 'ટહુકો.કૉમ' પર આ ગીત છે— (http://tahuko.com/?p=1484) ૧૯૮૧માં સૌ પ્રથમવાર 'માઈક્રોફોન' ઉપર ગાવાની તક મળી. મારે ક્ષેમુભાઈએ સ્વરબદ્ધ કરેલા માધવ રામાનુજના ગીતની પંક્તિઓ ગાવાની હતી—

**ઝૂકેલી ડાળી પર ઝૂક્યું છે**
**આભ કાંઈ જોવામાં થાય નહીં ભૂલ,**

**એવું કદંબવૃક્ષ મ્હેંકે છે,**
**ડાળી પર વસ્ત્રો હશે કે હશે ફૂલ?**

**પાણી પર અજવાળું તરતું રહે ને**
**એમ આંખોમાં ઝલમલતું નૂર.**
**એકવાર યમુનામાં આવ્યું'તું પૂર.**

શીખવતી વખતે ક્ષેમુભાઈએ પૂછ્યું 'વિરાટનો હિંડોળો' આવડે છે? મેં હા કહી તો ખુશ થઈને એમણે કહ્યું કે તારે ગાવાની પંક્તિઓ 'વિરાટનો હિંડોળો'ના અંતરાના ઢાળ પર આધારિત છે.


મેં ૧૯૮૯માં અમેરિકામાં 'વિરાટનો હિંડોળો' ગાયું (https://youtu.be/vLy-Qhm1hwI). મેં ગાયેલા શબ્દોમાં એક પંક્તિમાં 'ફૂમતડે ફૂમતડે વિધિના નિર્માણ મંત્ર' એમ ગાયું છે. આ જ ગીત ૨૦૦૯માં અમેરિકામાં ગાયું (https://youtu.be/zf2G1slpjLs) એમાં ગાયું છે-'ફૂદડીએ ફૂદડીએ વિધિના

નિર્માણ મંત્ર'. ૧૯૮૯માં જે ગાયેલું તે સાંભળીને શીખ્યો તે શબ્દો. ૨૦૦૯માં 'ન્હાનાલાલ મધુકોષ' વાંચ્યા પછી ગાયેલા શબ્દો છે. ૧૯૮૯માં ગાયું તે મારી વીસીની-ચડેલી-લયમાં; ૨૦૦૯માં ગાયું તે મારી ચાળીસીની ઠરેલ-લયમાં.

રાગ સિંધુરા પર આધારિત આ સ્વરાંકન દાદરા તાલમાં છે. ન્હાનાલાલ અને ઓમકારનાથજી જાણે કે હિંચકે દાદરના લયમાં ઝૂલી રહ્યાં છે ને એક શબ્દો દ્વારા ને એક એ શબ્દોને સ્વરથી આભૂષિત કરીને અનંતની લીલા માણી રહ્યાં છે, કૈંક ખોળી રહ્યાં છે, કંઈક ખોલી રહ્યાં છે ને આ કૈંકની શોધયાત્રામાં આપણને જોડાવાનું આહ્‌વાન આપી રહ્યાં છે! કાવ્ય અને સંગીત બંનેની દૃષ્ટિએ આ ગીત કાલાતીત છે. ઉભરતા ગાયક માટે આવાં ગીતો શીખવાં એ લ્હાવો પણ છે અને પાયાની જરૂરિયાત પણ. આ ગીતના શબ્દોએ અને સ્વરાંકને મારા ચિત્ત ને હૃદયમાં સ્થાન જમાવ્યું છે.

૨૦૧૬માં મેં કવિશ્રી બાલમુકુન્દ દવેનું ગીત 'સોનચંપો' સ્વરાંકિત કર્યું તેના અંતરામાં 'વિરાટનો હિંડોળો'ના અંતરાના સ્વરો લીધા છે. અલબત્ત એ રૂપક તાલ (૭ માત્રા)માં છે. ૨૦૧૭માં (વિરાટનો હિંડોળો શીખ્યાના ચાલીસ વર્ષ પછી), વિશ્વકોશમાં ન્હાનાલાલની વર્ષગાંઠ (ગુડી પડવો) નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં પણ હું ત્રિલોકના હિંડોળાનું આ ગીત તો ગાઉ છું જ, પણ એના શબ્દો મને ન્હાનાલાલના બીજા ગીત 'ત્રિલોકનાં તોરણ' પાસે લઈ જાય છે અને હું ગાઉ છું—'કે આભમાં તોરણ બંધાણા ત્રિલોકનાં રે, કે તારલીઓ ટોળે મળી નભચોક.' ('સોનચંપો' અને 'ત્રિલોકનાં તોરણ' બંને હમણાં જ પ્રકાશિત થયેલાં અમારા આલબમ 'શબ્દ સૂરની પાંખે'માં છે.)

આમ જ કાનનો રિયાઝ મને ગાન તરફ ખેંચી ગયો છે.



# કંઠ્ય સંગીતના પ્રચલિત ઘરાણાં





અબ્દુલ કરીમખાં

## બનારસ ઘરાણું

કિરાણા ઘરાણાંના સ્થાપક અબ્દુલ કરીમખાં હતા. લગભગ પંચોતેર વર્ષ પૂર્વે જ આ ઘરાણાંની સ્થાપના થઈ હોવા છતાં સુમધુર શૈલી હોવાને કારણે આ ઘરાણું ભારતભરમાં અન્ય ઘરાણાંઓ કરતાં વધુ લોકપ્રિય છે. અબ્દુલ કરીમખાંનો જન્મ દિલ્હી પાસે આવેલા કિરાણા ગામમાં થયો હતો. આથી એમણે સ્થાપેલું ઘરાણું કિરાણાને નામે ઓળખાય છે. તેઓ ગાયક હોવા ઉપરાંત કુશળ વીણાવાદક પણ હતા. તેઓ ખ્યાલ તથા ઠુમરીની શૈલીનું સંગીત જ ગાતા તે છતાં કહેતા કે પોતે ધ્રુપદની ગોબરહારી બાનીના ગાયક હતા.

એક વખત જ્યારે એમણે ગ્વાલિયર ઘરાણાંના મહાન ગાયક રહેમતખાંનું સંગીત સાંભળ્યું ત્યારે એમને પ્રતીતિ થઈ કે સ્વર જ સંગીતનો આત્મા છે. તે પછી એમણે પુષ્કળ રિયાઝ

કરીને કંઠને અત્યંત મુલાયમ બનાવ્યો અને સ્વરો પર અદ્ભુત આધિપત્ય મેળવ્યું. એમના સંગીતની શ્રોતાઓ પર જાદુઈ અસર થતી. ખ્યાલ શૈલી ઉપરાંત ઠુમરી શૈલીના પણ તેઓ નિષ્ણાત હતા અને તે શૈલીનાં ગીતોને મનોરંજક સરગમ વડે સજાવતા. એમનો કંઠ અતિશય મધુર હતો અને શ્રોતાઓના હૈયા સોંસરવો ઉતરી જતો. ભજનો તથા નાટ્યસંગીત પણ તેઓ ઉત્તમ રીતે ગાતા. એમનું સંગીત દક્ષિણના પ્રદેશોમાં પણ લોકપ્રિય હતું અને તે પ્રદેશના સંગીતનો થોડોક અંશ એમણે પોતાનાં સંગીતમાં ઉતાર્યો હતો.

અબ્દુલ કરીમખાંના શિષ્યોમાં સવાઈ ગંધર્વ, બહેરેબુવા તથા રોશનઆરાએ ખૂબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી.

સવાઈ ગંધર્વના શિષ્ય ભીમસેન જોશી તથા શિષ્ય ગંગુબાઈ હંગલ પણ કિરાણા ઘરાણાંનાં સર્વશ્રેષ્ઠ સંગીતકારો હતા અને એમણે સમગ્ર ભારતમાં નામના મેળવી હતી.

અબ્દુલ કરીમખાંના ભત્રીજા અબ્દુલ વહીદખાં એક પ્રખર સંગીતકાર હતા પણ એમની શૈલી ખૂબ જ વજનદાર તથા રસવિહોણી હતી. એમના શિષ્ય સુરેશબાબુ માને ઉત્તમ ગાયક હતા, પણ જુવાનીમાં જ ગુજરી ગયા. સુવિખ્યાત ગાયિકા હીરાબાઈ બેરોડેકરે પણ અબ્દુલ વહીદખાં પાસેથી તાલીમ લીધી હતી. એક જમાનામાં તેઓ સમગ્ર ભારતમાં ખૂબ લોકપ્રિય હતાં.



ભીમસેન જોશી

ભીમસેન જોશી તથા ગંગુબાઈ હંગલ ઉપરાંત પ્રભા અત્રે, માણિત વર્મા, ફિરોઝ દસ્તૂર તથા નિયાઝ અહમદ કિરાણા ઘરાણાંના શ્રેષ્ઠ કલાકારો ગણાય છે.

કિરાણા ઘરાણાંની શૈલીમાં સ્વરની શુદ્ધતા પર અધિક ધ્યાન આપવામાં આવે છે. આથી તેમાં લયકારીનો અભાવ છે. તે ઉપરાંત ગીતના શબ્દોનો ઉચ્ચાર સ્પષ્ટ રીતે કરવામાં આવતો નથી અને ગીતની શરૂઆતના બે-ચાર શબ્દોનું જ વારંવાર ઉચ્ચારણ કરવામાં આવે છે. ગાયિકીમાં બોલ-તાનોનો પણ આભાવ છે. આ ઘરાણાંમાં રાગોનું ભંડોળ બહુ ઓછું છે અને દરબારી, માલકૌંસ, શુદ્ધ કલ્યાણ, વસંત વગેરે સાદા રાગો જ ગવાય છે. અભોગી રાગ આ ઘરાણાંનો ખાસ રાગ છે. આ ઘરાણાંના કલાકારો ઠુમરી તથા નાટ્યસંગીતના પણ નિષ્ણાત છે.

### બનારસ ઘરાણું

પૂરબ શૈલીની ઠુમરી, દાદરા વગેરે હળવા શાસ્ત્રીય સંગીતમાં બનારસ ઘરાણાંના ગાયકો અદ્વિતીય લેખાય છે. આ ઘરાણાંમાં કંઠ-સંગીત ઉપરાંત વાદ્ય-સંગીત તથા કથક નૃત્યના ક્ષેત્રમાં પણ અનેક મહાન કલાકારો થઈ ગયા અને હાલના વખતમાં પણ અનેક ચુનંદા તથા લોકપ્રિય કલાકારો આ ઘરાણાંને શોભાવી રહ્યા છે.

બનારસ ઘરાણાંના પ્રણેતા રામબાલકજી મિશ્ર હતા. એમના એક પુત્ર રામશરનજી કંઠ-સંગીતમાં તથા બીજા પુત્ર મોતીજી તબલાંવાદનમાં પારંગત હતા. ત્યાર બાદ કંઠ-સંગીતમાં રામબાલકજીના પૌત્ર દરગાહીજીના શિષ્યો શ્રીચંદજી, સિયાજી, મહારાજ, જદ્દનબાઈ તથા વિદ્યાધરી ઉચ્ચ કોટીનાં સંગીતકારો હતાં. બડે રામદાસજી, છોટે રામદાસજી, મૌજુદીનખાં, ગૌહર, કાશીબાઈ, હુસ્નાબાઈ, બડી મોતીબાઈ, રસુલનબાઈ, સિદ્ધેશ્વરીદેવી વગેરે કંઠ-સંગીતનાં મહાન કલાકારો પણ આ ઘરાણાંમાં થઈ ગયાં.

બનારસ ઘરાણાંના વાદ્યકારોમાં ભૈયા ગણપતરાવ (હાર્મોનિયમ), કંઠે મહારાજ (તબલાં), આશીક અલીખાં (સિતાર), મીઠાઈલાલજી (વીણા) તથા ગોપાળ મિશ્ર (સારંગી) ઉચ્ચ કક્ષાના સંગીતકારો હતા.

કથક નૃત્યના ક્ષેત્રમાં ઠાકુર પ્રસાદ, કાલકા મહારાજ, બિન્દાદીન મહારાજ, અચ્છન મહારાજ, શંભુ મહારાજ, લચ્છુ મહારાજ વગેરે સર્વોત્તમ કોટીના કલાકારો બનારસ ઘરાણાંમાં થઈ ગયા.




ગિરિજાદેવી

બનારસ ઘરાણાંના શ્રેષ્ઠ કલાકારો: **કંઠ-સંગીત**માં મહાદેવપ્રસાદ મિશ્ર, હરિશંકર મિશ્ર, ગિરિજાદેવી તથા શાંતાદેવી; **વાદ્ય-સંગીત**માં બિસ્મિલ્લાખાં (શરણાઈ), કિસન મહારાજ, શાન્તાપ્રસાદ તથા શારદા સહાય (તબલાં); **કથક નૃત્ય**માં બિરજુ મહારાજ, સિતારાદેવી તથા ગોપીકૃષ્ણ.

## મેવાતી ઘરાણું

આ ઘરાણાંના સ્થાપક ઘગ્ઘે નઝીરખાં હતા. રાજસ્થાનના મેવાત નામે ઓળખાતા પ્રદેશમાં તેઓ રહેતા હતા તે પરથી આ ઘરાણાંનું નામ મેવાતી ઘરાણાં પડ્યું. આ ઘરાણાંનું સંગીત કવાલ બચ્ચે ઘરાણાંના બે મહાન સંગીતકારો શક્કરખાં તથા મખ્ખનખાંના સંગીત સાથે સીધો સંબંધ ધરાવે છે એવો દાવો આ ઘરાણાંના સંગીતકારો કરે છે.



પંડિત મણીરામ

આ ઘરાણાંમાં નથ્થુલાલજી તથા મોતીરામજી ઉચ્ચ કક્ષાના ગાયકો હતા. મોતીરામજીના પુત્રો પ્રતાપ નારાયણ, મણીરામ તથા જસરાજ આ ઘરાણાંના ઉત્તમ કલાકારો હતા.



પંડિત જશરાજ

મેવાતી ઘરાણાંના સંગીતકારો ઘણુંખરું પોતાનાં ઘરાણાંની ખાસ બંદિશો જ ગાય છે. આ ઘરાણાંમાં સરગમને વધુ પડતું મહત્ત્વ આપવામાં આવે છે. આ ઘરાણું ખ્યાલ શૈલીનું હોવા છતાં તેની ગાયિકીમાં ઠુમરી અંગ વારંવાર વર્તાઈ આવે છે.

## દિલ્હી ઘરાણું

દિલ્હી ઘરાણાંની સ્થાપના ક્યારે થઈ તેની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. આ ઘરાણાંના મહાન તાનરસખાં અંતિમ મોગલ સમ્રાટ બહાદુરશાહ ઝફરના દરબારી સંગીતકાર હતા. બહાદુરશાહના પતન પછી તેઓ નિઝામ હૈદરાબાદના રાજ્યગાયક નિમાયા હતા. એમની કીર્તિ સમગ્ર ભારતમાં પ્રસરી હતી તરાણા તથા કવાલીની ગાયિકીના પણ તેઓ નિષ્ણાત હતા. એમનું મૂળ નામ કુતુબબક્ષ હતું પણ એમના સંગીતથી પ્રસન્ન થઈને બહાદુરશાહે એમને 'તાનરસખાં' એવો ઈલકાબ આપ્યો હતો.

તાનરસખાંના કુટુંબમાં ઉમરાવખાં, સરદારખાં, અબ્દુલ કરીમખાં, શબ્બુખાં વગેરે અનેક પ્રખર ગાયકો થઈ ગયા, પણ હાલના વખતમાં આ ઘરાણાંમાં કોઈ જાણીતો કલાકાર હયાત નથી.

## પતિયાલા ઘરાણું

ફતેહઅલી તથા અલીબક્ષ આ ઘરાણાંના પ્રણેતા ગણાય છે. એમણે દિલ્હી ઘરાણાંના મહાન ગાયક તાનરસખાં પાસેથી તાલીમ મેળવી હતી. એમની તાનો એટલી બધી સફાઈદાર, ઝડપીલી તથા મુશ્કેલ હતી કે ટોંકના નવાબે એમને 'જનરલ' તથા 'કર્નલ'ની પદવીઓ આપી હતી. ટોંકમાં ઘણાં વર્ષો રહ્યા બાદ તેઓ પતિયાલા નરેશના દરબારી ગાયકો બન્યા.

આ ઘરાણાંના બીજા પ્રખર સંગીતકારો મિયા જાનખાં, આશિક અલીખાં, કાલેખાં તથા બડે ગુલામઅલીખાં હતા. બડે ગુલામઅલીખાંનો અવાજ બહુ જ સુરીલો હતો અને તાનો ઘણી જ સફાઈદાર હતી, પંજાબી અંગની ઠુમરી તથા દાદરાની શૈલીના પણ તેઓ નિષ્ણાત હતા. એમણે 'સબરંગ'ના ઉપનામથી કેટલી બંદિશો રચી છે. એમના ભાઈ બરકતઅલી પણ ઠુમરી શૈલીના સિદ્ધહસ્ત કલાકારો હતા.



બડે ગુલામ અલી ખાં


પતિયાલા ઘરાણાંની વિશિષ્ટતાઓ સુંદર બંદિશ, ઝડપીલી અને સફાઈદાર તાનો તથા મોહક પંજાબી અંગની ઠુમરીઓ સમગ્ર ભારતમાં પુષ્કળ લોકપ્રિય થઈ હતી અને હાલના ઘણા કલાકારોએ તેમાંના કેટલાંક અંશો ગ્રહણ કરીને પોતાનાં સંગીતને સમૃદ્ધ બનાવ્યું છે.

## સહસવાન ઘરાણું

ઉત્તર પ્રદેશના બદાઈયું ઈલાકામાં સહસવાન નામના એક શહેર પરથી આ ઘરાણાં સહસવાન ઘરાણાં તરીકે ઓળખાય છે.

અઢારમી સદીની શરૂઆતમાં સહસવાનના બે પ્રખર ઉસ્તાદો સાહેબુદ્દૌલા તથા કુતુબુદ્દૌલા અવધના દરબારી સંગીતકાર હતા. એમના શિષ્ય મહેબુબખાંએ પોતાના પુત્ર ઈનાયત હુસેનખાંને પ્રાથમિક તાલીમ આપ્યા બાદ રામપુર દરબારના મહાન સંગીતકાર બહાદુર હુસેનખાં પાસેથી અધિક તાલીમ અપાવી. વખત જતાં ઈનાયત હુસેનખાં ઉચ્ચ કક્ષાના ગાયક થયા અને સહસવાન ઘરાણાંના પ્રવર્તક લેખાયા. એમના શિષ્યો છજ્જુખાં, નઝીરખાં તથા ખાદીમ હુસેનખાંએ ભીંડીબજાર ઘરાણું સ્થાપ્યું હતું. એમના બીજા

એક શિષ્ય મુશ્તાક હુસેનખાં બંદિશની ઠુમરી, રાગ સાગર તથા ટપ્પાની શૈલીઓના નિષ્ણાત હતા.



નિસાર હુસેનખાં

આ ઘરાણાંના શ્રેષ્ઠ ગાયકો નિસાર હુસેનખાં, હાફિઝ અહમદખાં, સરફરાઝ હુસેનખાં, ગુલામ મુશ્તફાખાં તથા રશીદખાં છે.

આ ઘરાણાંની વિશિષ્ટતાઓ 'સપાટ' તથા ટપ્પાંના અંગની તાનો, મીંડ અને સરગમ છે. તરાના તથા ટપ્પાની શૈલીઓ માટે પણ આ ઘરાણું મશહુર છે. મહોરમ વખતે કોઈ પણ સાજના આધાર વગર ગવાતા 'સોઝ'ના ગીતો પણ આ ઘરાણાંના કલાકારો સુંદર રીતે ગાય છે.

### ભીંડી બજાર ઘરાણું

ભીંડી બજાર ઘરાણાંના સ્થાપકો ઉસ્તાદ છજ્જુખાં, ઉસ્તાદ નઝીરખાં તથા ઉસ્તાદ ખાદીમ હુસેનખાં નામના ત્રણ ભાઈઓ હતા. તેઓ મુંબઈમાં ભીંડી બજાર લત્તામાં રહેતા હોવાથી તે ઘરાણાંનું નામ ભીંડી બજાર પડ્યું. તેઓ ઉચ્ચ કોટીના સંગીતકાર હતા અને પંડિત ભાતખંડેએ પણ એમની પાસેથી માર્ગ-દર્શન મેળવ્યું હતું. આ ત્રણેય ભાઈઓ ઉપરાંત ઉસ્તાદ છજ્જુખાંના પુત્ર ઉસ્તાદ અમાનઅલીખાં તથા અંજનીબાઈ માલપેકર પણ પ્રખર સંગીતકાર હતા. ઉસ્તાદ અમાનઅલીખાંએ તે ઘરાણાંની ગાયિકીમાં કર્ણાટક સંગીતનાં તત્વો ઉમેર્યા હતાં અને એમણે હંસધ્વનિ, પ્રતાપવરાળી વગેરે કેટલાક રાગો કર્ણાટક સંગીતમાંથી ઉત્તર ભારતીય સંગીતમાં આણ્યા.

### કંઠ-સંગીતના અન્ય ઘરાણાંઓ

પૂર્વે વર્ણવાયેલાં ઘરાણાંઓ ઉપરાંત બીજા ઘરાણાંઓનાં નામ મથુરા, ઇન્દોર, ફતેહપુર, સિક્રી, અતરોલી, સિકંદરા તથા ખુર્જા ઘરાણાં છે, પણ હાલના વખતમાં આ ઘરાણાંઓમાં કોઈ મશહુર સંગીતકાર હયાત નથી. આમાંના મોટા ભાગનાં ઘરાણાંઓનું અસ્તિત્વ કાં તો લોપાઈ ગયું અથવા તો તે ઘરાણાંના સંગીતકારોએ અન્ય પ્રચલિત ઘરાણાંઓની શૈલીને અપનાવી લીધી છે.

### ઉપસંહાર:

આગળ જણાવ્યા પ્રમાણે કેટલાંક સંગીતકારોએ પોતાના ઘરાણાંની તાલીમ ઉપરાંત અન્ય ઘરાણાંના ઉસ્તાદો પાસેથી પણ વિદ્યા પ્રાપ્ત કરી હતી. આથી એમના સંગીતમાં તે તે ઘરાણાંની ખૂબીઓ પણ સંમિલિત થઈ હતી. હાલના વખતમાં પણ એ જ રીતે ઘરાણાંઓનું સંમિશ્રણ ચાલુ રહ્યું છે. તે ઉપરાંત ઘણાં સંગીતકારો અન્ય ઘરાણાંઓની વિશિષ્ટતાઓને અપનાવતા થયા છે. આથી ઘરાણાંની બંધિયાર દીવાલો હવે તૂટતી જાય છે અને ભવિષ્યમાં વિવિધ ઘરાણાંઓ કદાચ લુપ્ત પણ થઈ જાય તે છતાં તેની વિશિષ્ટતાઓ ભારતીય સંગીતમાં સદાને માટે જીવંત બની રહેશે.

**(સાભાર: 'સંગીતના ઘરાણાં અને સંગીતના સાધકો', લેખક: બટુક દીવાનજી, પ્રકાશક: નવભારત સાહિત્ય મંદિર)**

# વરિષ્ઠ પત્રકાર-લેખક અજિત પોપટના ફિલ્મ સંગીત વિષયક બે પુસ્તકોનું લોકાર્પણ થયું



પત્રકાર-લેખક અજિત પોપટનાં પુસ્તકોનાં લોકાર્પણ પ્રસંગની આ તસવીરમાં ડાબેથી શ્રીમતી સરોજ પોપટ, અજિત પોપટ, પંડિત રાજન મિશ્રા, પંડિત સાજન મિશ્રા, જગવિખ્યાત તબલાંવાદક પંડિત કુમાર બોઝ, સપ્તકના સહસ્થાપક અને જગપ્રસિદ્ધ સિતારવાદક મંજુબહેન મહેતા અને હાર્મોનિયમ નિષ્ણાત પંડિત શંભુનાથ મિશ્રા દેખાય છે.

દર વર્ષની જેમ આ વરસે પણ પહેલી જાન્યુઆરીથી તેરમી જાન્યુઆરી સુધી અમદાવાદમાં સપ્તક સંગીત સંસ્થાનો ૩૯મો સંગીત સમારોહ યોજાઈ ગયો. દેશવિદેશના લગભગ ત્રણથી પાંચ હજાર સંગીત રસિકોએ કડકડતી ઠંડીમાં પણ પોતાના માનીતા કલાકારોને માણ્યા. ગાયન, વાદન અને નર્તન ત્રણે પાંખના કલાકારો રજૂ થયા.

આ વખતના સમારોહની છઠ્ઠી રાત્રિએ સંગીત રસિકોએ એક નવતર પ્રયોગ માણ્યો. દૈનિક 'ગુજરાત સમાચાર'ના વરિષ્ઠ પત્રકાર-લેખક અજિત પોપટનાં ફિલ્મ સંગીત વિષયક બે પુસ્તકોનું લોકાર્પણ થયું. બનારસ ઘરાનાના વિશ્વવિખ્યાત ગાયક બંધુઓ પદ્મભૂષણ પંડિત રાજન મિશ્રા અને પંડિત સાજન મિશ્રાએ પુસ્તકોનું લોકાર્પણ કરતાં લેખકને સ્નેહપૂર્વક બિરદાવ્યા અને આશીર્વાદ આપ્યા.

બંને પુસ્તકોના ટાઇટલ આ પ્રમાણે હતાં—'યાદ પિયા કી આયે' (ઠુમરી આધારિત યાદગાર ગીતો) અને 'કુછ યાદ ઇન્હેં ભી કર લો'. આ પુસ્તકો વિશે લેખક સાથે વાત કરતાં મળેલી રસપ્રદ માહિતી અત્રે પ્રસ્તુત છે. લેખકના પોતાના શબ્દોમાં રજૂ કરી છે. 'ભારતીય સંગીતમાં કદાચ સૌથી લોકપ્રિય ગાયનશૈલી ઠુમરી તરીકે ઓળખાય છે. ઠુમક શબ્દ પરથી ઠુમરી શબ્દ આવ્યો. ૧૭-૧૮મી સદીમાં શોરી મિયાં નામે કલાકારે આ ગાયન પ્રકાર વિકસાવ્યો એમ કહેવાય છે. આમ આદમી સંગીત ન જાણતો હોય તો શુદ્ધ શાસ્ત્રીય

ખયાલ ગાયન પ્રકાર માણી શકે નહીં કારણ કે ખ્યાલ ગાતી વખતે ગાયકે જે તે રાગના વ્યાકરણના નિયમોને વળગીને ગાવું પડે. એમાં છૂટછાટ લઈ શકાય નહીં. દરેક રાગનું એક બંધારણ હોય, ગાવાનો નિશ્ચિત સમય હોય, ચોક્કસ સ્વરો એમાં આવતા હોય, અન્ય સ્વરો વર્જિત હોય. બીજી બાજુ ઠુમરીની ખૂબી એ છે કે એ શૃંગાર પ્રધાન ગાયકી છે જેમાં મોટે ભાગે વિરહિણી નાયિકાના મનોભાવ કલાત્મક રીતે રજૂ કરાય છે. આ ગાયન પ્રકારની સૌથી મોટી ખૂબી એ છે કે એમાં રાગના બંધારણ સાથે છૂટછાટ લઈને ગીતને વધુ આસ્વાદ્ય બનાવાય છે.

હિન્દી ફિલ્મોમાં એવાં કેટલાંક યાદગાર ગીતો છે જે બસો અઢીસો વર્ષ જૂની ઠુમરી પર આધારિત બન્યાં છે. એકાદ બે દાખલાથી આ વાત સ્પષ્ટ કરીએ. ઉસ્તાદ બડે ગુલામ અલી ખાં સાહેબે ગાયેલી એક ઠુમરી છે—'યાદ પિયા કી આયે, કુછ ભી સહા નહીં જાયે...' આ ઠુમરીની તર્જ પરથી સંગીતકાર સી રામચંદ્રે ફિલ્મ 'બહુરાની' (૧૯૬૩-ગુરુદત્ત, માલાસિંહા, ફિરોઝ ખાન)માં એક ગીત રજૂ કરેલું. લતાજીએ ગાયેલા એ ગીતનું મુખડું હતું. 'બલમા અનાડી મન ભાયે, ક્યા કરું સમજ ન આયે...' ઔર એક દાખલો લઈએ. ભારતરત્ન પંડિત ભીમસેન જોશીએ ગાયેલી વિરહિણી નાયિકાની એક ઠુમરી છે—'પિયા કે મિલન કી આસ...' સંગીતકાર વસંત દેસાઈએ ફિલ્મ 'ગૂંજ ઊઠી શહનાઈ' (૧૯૫૯-રાજેન્દ્ર કુમાર, અમિતા)માં આ ઠુમરીની તર્જ અને (૧૪ માત્રાના દીપચંદી) તાલમાં મુહમ્મદ રફી પાસે એક ગીત ગવડાવેલું, 'કહ દો કોઈ ના કરે યહાં પ્યાર, ઈસ મેં ખુશીયાં હૈ કમ બેસુમાર હૈ ગમ...' અજિત પોપટના 'યાદ પિયા કી આયે' પુસ્તકમાં આવાં ચાલીસ પિસ્તાલીસ યાદગાર ગીતોનો રસાસ્વાદ છે જે એક યા બીજી ઠુમરી પર આધારિત છે.

બીજું પુસ્તક 'કુછ યાદ ઇન્હેં ભી કર લો'માં એવા વાદ્યકારોની વાત છે જેમણે ફિલ્મ સંગીતના સુવર્ણયુગમાં પોતપોતાના વાજિંત્રો દ્વારા ગીતને યાદગાર બનાવવામાં ફાળો આપ્યો હોય. દરેક ફિલ્મના પરદા પર સંગીતકારનાં નામ આવે છે પરંતુ આવા વાદ્યકારો સદાને માટે પરદા પાછળ અનામી રહી જાય છે. એવા એક બે દાખલા લઈએ. આજે મેગાસ્ટાર ગણાતા અમિતાભ બચ્ચન પર ફિલ્મ 'અમર અકબર એન્થની'માં એક ગીત ફિલ્માવાયું હતું. ગીત હતું 'માય નેમ ઈઝ એન્થની ગોન્સાલ્વિઝ, મૈં દુનિયા મેં અકેલા હું...' આ એન્થની ગોન્સાલ્વિઝ સર્વોત્તમ વાયોલિનવાદક હતા અને સંગીતકાર (લક્ષ્મીકાંત) પ્યારેલાલના ગુરુ હતા. પ્યારેલાલજીએ પોતાના ગુરુને આ ગીત દ્વારા અમર કરી દીધા. એન્થનીએ સેંકડો હિટ ગીતોમાં ઓરકેસ્ટ્રાનું સંચાલન કરેલું. ઔર એક કલાકાર હતા ઉસ્તાદ અબ્દુલ હલીમ જાફરખાં. એમણે ફિલ્મ કોહિનૂરમાં મુહમ્મદ રફીએ ગાયેલા ગીત 'મધુબન મેં રાધિકા નાચે રે...' માટે સિતાર વગાડેલી અને પરદા પર સિતારવાદનનો અભિનય કરવા માટે અભિનય સમ્રાટ દિલીપ કુમારને સિતારવાદનની પ્રાથમિક તાલીમ પણ આપેલી.

અજિત પોપટના બીજા પુસ્તકમાં આવા વાદ્યકારોનો ટૂંક પરિચય છે. આ બંને પુસ્તકોમાં સમાવી લેવાયેલા લેખો અજિત પોપટની સિનેમેજિક કૉલમમાં પ્રગટ થઈ ચૂક્યા છે. દર શુક્રવારે પ્રગટ થતી ગુજરાત સમાચારની ફિલ્મપૂર્તિ ચિત્રલોકમાં આ કૉલમ છેલ્લાં આઠ નવ વર્ષથી પ્રગટ થાય છે. આ કૉલમમાં પ્રગટ થયેલા લેખોનાં આવાં ચારેક પુસ્તકો અગાઉ પ્રગટ થઈ ચૂક્યાં છે. અજિત પોપટે કરેલા ફિલ્મ સંગીત ક્ષેત્રના સંશોધન-આલેખનને પંડિત રાજન મિશ્રાએ ઉમળકાભેર વધાવ્યું હતું અને અજિતભાઈને હાર્દિક શુભેચ્છા તેમજ આશીર્વાદ આપ્યા હતા.

# લોકસંગીતના ગાયિકા મીનાબહેન પટેલનું નિધન



ગુજરાતી લોકસંગીતના સુપ્રસિદ્ધ ગાયિકા મીનાબહેન પટેલનું ૨૫ જાન્યુઆરીના રોજ ઓસ્ટ્રેલિયામાં ટૂંકી બીમારીથી નિધન થયું છે. છેલ્લાં ૩૦-૩૫ વર્ષથી તેઓ ગુજરાતી લોકસંગીત ક્ષેત્રે સેવા આપી રહ્યા હતા. ૫૬ વર્ષીય મીનાબહેન પટેલ અમરેલી જિલ્લાના વતની હતા. ગુજરાત રાજ્ય સરકારના ગૌરવ પુરસ્કારથી સન્માનિત એવા મીનાબહેન પટેલ તેમનાં પ્રભાતિયા ગીતોને કારણે અત્યંત લોકપ્રિય થયા હતા. મીનાબહેન પટેલે ગુજરાતી ગીતોમાં પાર્શ્વગાયિકા તરીકે ઘણી લોકચાહના મેળવી હતી.






વિનોદ જોશી

# સાદી છતાં નિરાળી ફિલસૂફી



નહીં સંત કે સાંઈ—
ના યમ કે ના નિયમ
મંત્ર કે તંત્ર અમારે કાંઈ.

અમે અમારે હરીએ ફરીએ
મુક્ત પવનની સંગ,
પદ્માસન-સદ્માસન અમને
બધું ફિતુર ને ફંદ!

આજ અહીં બસ-કાલ કહીંની
ફિકર ન અમને કાંઈ...

વિરમ્યા ત્યાં વૈકુંઠ અમારે
ભાળ્યા તે ભગવાન,

ક્યાંય જવું ના, કૈં જ થવું ના
કશા ધરમ ને ધ્યાન!

હોવાથી અદકું બીજું શું
હોઈ શકે સુખ આંહી?...

—જયન્ત પાઠક

બેફિકરરાઈ પણ જીવનનો એક ઢંગ છે, તેમાં જીવનની ઉપેક્ષા છે તેવું નથી. જીવનને માણવાની એ પણ એક વિશિષ્ટ રીત છે. વિશિષ્ટ એટલા માટે કે તે સરેરાશ રીતે જીવાતી જિંદગી કરતાં ઊફરી ચાલે છે. એ રીતમાં કોઈ પૂર્વ નિર્ધારિત ભાત હોતી નથી. તેમાં નિજ ચાલે ચાલવાની મોકળાશ હોય છે. જાત સાથેનું સમાધાન નહીં પણ સંગતિ તેમાં અભિપ્રેત

હોય છે. આવી ચાલે ચાલવામાં જોખમ પણ છે, જવાબદારી પણ છે તેમાં સાહસ પણ જોઈએ, વિવેક પણ જોઈએ.

આ કવિતામાં પોતાનાં હોવાથી ઈતર સર્વનો પરિહાર કરતાં કવિની આવી બેફિકરાઈની મુદ્રા દેખાશે. આમ જુઓ તો અહીં એક અતંત્ર એવા મિજાજી માણસની પોતાની જીવન રીતિ વિશેનો ઉદ્‌ગાર છે. પણ તેમ જુઓ તો સામેની પરિસ્થિતિઓ માટેના નિષેધનું ગણિત પણ તેમાંથી આપોઆપ ઉકલતું આવે છે. પોતાની પસંદગીની સાથે જ પોતાની નાપસંદગી પણ સમાંતરે અહીં વ્યક્ત થાય છે.

કાવ્યનાં પ્રારંભે જ સંત કે સાંઈ, યમ કે નિયમ, મંત્ર કે તંત્ર જેવી ધરીઓને ફગાવી દેતા કવિ કોઈ કોષ્ટકમાં બાંધવા ઇચ્છતા નથી તેવું સ્પષ્ટ કહી આપે છે. એમને પદ્માસન અને સદ્માસન બેઉ ફિતુર-ફંદ લાગે છે. વ્યવહાર જીવન સાથે જોડાયેલી આ સર્વ જળોજથાનો કવિ ઉપહાસ કરે છે અને તેમાં રહેલા ભંગુર તથ્યોને ફગાવી દે છે.

કવિ જેનો નિષેધ કરે છે તે બધું શા માટે નિષેધપાત્ર તેનું કોઈ સીધું કારણ આપતા નથી. પણ લાક્ષણિક રીતે સમજાવે છે કે એ બધી બાબતો મનુષ્યને બાંધનારી છે, મુક્તિનો અનુભવ આપનારી નથી. કવિ આવો અનુભવ નિસર્ગમાંથી શોધી લે છે અને ત્યાં વિહરવું પસંદ કરે છે. તેઓ કહે છે:

**અમે અમારે હરીએ ફરીએ,**
**મુક્ત પવનની સંગ.**

પવનની મુક્તિ જેવી મોકળાશ પોતાને સાંપડી છે. પવનનું કોઈ ઠામઠેકાણું નથી. આજ અહીં તો કાલ ક્યાંક બીજે એ તેની નિયતિ છે. કવિ જાણે ઈચ્છે છે કે પોતે પણ ક્યાંય અટકે નહીં, રોકાય નહીં, કેવળ ગતિ જ હોય. નિજાનંદની આથી વધુ ઊંચી કક્ષા બીજી કઈ હોય? જેને જોઈ શકાતો નથી, કેવળ પરખી જ શકાય છે તેવા અમૂર્ત પવનનો સંગ સેવતા કવિ જાણે કોઈ અકળ એવી યાત્રાનો પ્રવાસ કરતા દીસે છે. મુક્ત પવનના પ્રારંભ કે અંતને પામવા મુશ્કેલ છે. કવિ પણ પોતાની યાત્રાને એવા બેઉ છેડાથી મુક્ત કરી દે છે અને અસ્તિત્વના અર્થને પોતાની હયાતી પૂરતો મર્યાદિત ન રાખતાં અનંતમાં ભેળવી દે છે. આટલી ગંભીર વાતને 'અમે અમારે હરીએ ફરીએ' એવા સરળતાવાચી સ્વાભાવિક શબ્દોમાં કહી દેવાની કવિની રીત પણ નિરાળી છે.

પવનનું કોઈ ઠામઠેકાણું નથી. આજ અહીં તો કાલ ક્યાંક બીજે એ તેની નિયતિ છે. કવિ જાણે ઈચ્છે છે કે પોતે પણ ક્યાંય અટકે નહીં, રોકાય નહીં, કેવળ ગતિ જ હોય. નિજાનંદની આથી વધુ ઊંચી કક્ષા બીજી કઈ હોય?

ધર્મ-ધ્યાનની ટેકણ લાકડીથી કશું પામવાનો કવિનો ઈરાદો નથી. એ બધું તો તેઓ ઈન્કારી ચૂક્યા છે. તે સર્વની પોકળતાનો એમને ખ્યાલ છે. કદાચ એ માર્ગ એમને પસંદ નથી એટલે એ સહારો એમને ખપતો નથી. આ કવિ તો એવું માનનારા છે કે જ્યાં વિરમીએ તે વૈકુંઠ. જેને જોઈએ તે ભગવાન. જો વૈકુંઠ એક જ હોય અને ભગવાન પણ એક જ હોય તો સહુને સાંપડે નહીં. જે સહુને સાંપડતું નથી તે કોઈને સાંપડતું નથી. કુદરતે પોતાનું કશું જ કોઈ અમુકને માટે બનાવ્યું નથી. એણે જે કંઈ સર્જ્યું છે તે સઘળું સહુને માટે છે. કવિ અહીં વૈકુંઠ અને જે તે નામધારી ભગવાન તો માણસની બુદ્ધિની નીપજ છે તેવું ગર્ભિત રીતે કહી આપે છે. એક વૈકુંઠમાં આટલા બધા ભક્તો શી રીતે સમાય? એક ભગવાન આટલા બધાને શી રીતે સાચવે? હકીકતે દરેક સ્થાન અને દરેક મનુષ્ય વૈકુંઠ અને ભગવાન જ છે. જો માનીએ તો છે નહીં તો નથી.

પણ કવિ તો એમ જ માનીને ચાલે છે અને એટલે જ એમને મન-ધ્યાનની કૂંચીઓ નકામી છે. ‘ચરણ રુકે ત્યાં કાશી’ એવો સૂર અહીં, ‘વિરમ્યા ત્યાં વૈકુંઠ’ એવા ઉદગારમાં વધુ ઊંચે ચડે છે. જે કંઈ દેખાય છે તે સર્વમાં ભગવાનનું આરોપણ કરવાનો કવિનો મનસૂબો સર્વત્ર ભગવાનના હોવાનો સ્વીકાર છે. કોઈ એક સ્થાને કોઈ એક ભગવાન હોવાની વાત કવિને મંજૂર નથી. આમ કોઈએ તો વૈકુંઠ અને ભગવાનની વાત જ કવિને મંજૂર નથી. એમને તો ‘વિરમ્યા ત્યાં’ અને ‘ભાળ્યા તે’ એવી બે ક્રિયાઓનું પરિણામ સર્વોપરિ છે. અને જો કોઈ વૈકુંઠ કે ભગવાન કહેતું હોય તો કવિને તેનો વાંધો નથી.

સુખની વ્યાખ્યાઓ રચવામાં વ્યસ્ત પંડિતો માટે કવિ જાણે અંતિમ અને એકમાત્ર સત્ય આગળ કરી આપતા હોય તો તે આટલું જ કે હોવાથી અધિક બીજું કોઈ સુખ હોઈ શકે નહીં. આ જગત પર મનુષ્ય તરીકેનું અસ્તિત્વ એ એકમાત્ર એવી બાબત છે જે સર્વ પ્રતીતિઓના મૂળમાં છે, પ્રતીતિઓ આપણી ઇચ્છા પ્રમાણેની હોય તો આપણું હોવું પણ આપણી રીતે પળોટાઈ શકે. છીએ માટે બધું છે તેવી પૂર્વશરતનો અસ્તિત્વવાદી ઉદ્ગાર કવિની ફિલસૂફીને બહુ સાદી છતાં નિરાળી રીતે અહીં ઊતારી આપે છે.

કાવ્યનાં અંતે કવિ જાણે આપણો ઉત્તર ‘ના’માં માગી રહ્યા હોય તેવી પૂર્વયોજના કરી ચૂક્યા છે તેનો ખ્યાલ આવી જાય છે. કવિની આ ચતુરાઈ છે તેવું નથી. પ્રમાણોનાં ત્રાજવે તોળીને એમણે એકએક વાતને બહુ સંતુલિત રીતે કહી છે. તેની પાછળ દર્શનનું ઊંડાણ છે તો સત્યનો રણકો પણ છે. એક નિર્દંભ અને નિરાળા મનુષ્યની જીનરિતનો પ્રતિઘોષ છે તો સમાંતરે પ્રેરણાનો આછો શો આભાસ થાય તેવો સંકેત પણ છે. કવિ રાજેન્દ્ર શાહની પંક્તિ અહીં સ્મરણે ચડે છે:

**મન મારું લઈ જાય ત્યાં જાવું,**
**પ્રેમને સન્નિવેશે, નિરુદ્દેશે!**

કોઈ ફેન-ફિતૂરીમાં બંધાવાને બદલે મુક્ત પવનની સંગે હરતાં ફરતાં આપણા આ કવિએ પોતાની આ વાતને બાંધવા માટે કવિતાનો મંત્ર પસંદ કર્યો છે તે આનંદ પમાડે તેવી વાત છે!



# વડોદરામાં યોજાયો અલેમ્બિક- ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ






માતૃભાષાના સાહિત્યનો અનોખો ઉત્સવ વડોદરામાં ખાતે તારીખ ૧૮ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન એલેમ્બિક ગુજરાત લિટરેચર ફેસ્ટીવલ યોજાઈ ગયો. આ ત્રિદિવસીય ફેસ્ટિવલનો પ્રારંભ અરબિંદો સંગીતના સૂર સાથે થયો. સમારોહનું ઉદઘાટન ડૉ. હેતલ પાઠક, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા સહિતના મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું. 'ગાંધીજીના ૧૫૦ વર્ષ' વિષય પર ગુણવંત શાહ અને સોમ્ય જોશીનો સંવાદ રજૂ કરાયો. અભિનેત્રી સ્વરા ભાસ્કર અને ફિલ્મ લેખક અંજુમ રજબઅલી વચ્ચે 'જીવનમાં ફિલ્મોના પ્રભાવ' વિશે ચર્ચા કરવામાં આવી હતી. બપોરના સેશનમાં 'સ્વયં શિક્ષણની સુંદરતા' તાર્કિક જીવન વિશે ગૌરાંગ મિસ્ત્રી અને RJ મોહિનીનો સંવાદ યોજાયો. 'નેતાજી સુભાષચંદ્ર બોસ- અંતિમ અધ્યાય' પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાની ઈતિહાસકેન્દ્રી નવલકથા અંગે પારસ જહા સાથે વાતચીત કરી હતી. 'અખિલ બ્રહ્માંડમાં - ગુજરાતી કવિઓની વર્લ્ડ વ્યૂ'માં નરસિંહ મહેતા, પ્રેમાનંદ અને નાન્હાલાલની કવિતાઓમાં રહેલી વૈશ્વિક અપીલ વિશે મકરંદ મુસળે, ભાગ્યેશ જહા અને મણિલાલ હ. પટેલે સંવાદ રજૂ કર્યો હતો. 'નવલકથામાં

નવાજૂની' વિષય અંતર્ગત માવજી મહેશ્વરી, રજનીકુમાર પંડ્યા અને ધૈવત ત્રિવેદીએ વાત કરી હતી. સાંજના સેશનમાં 'કૉલમ કન્ટેન્ટ લાવવી ક્યાંથી?'માં યુવા કોલમિસ્ટ વિશાલ શાહ, નરેશ મકવાણા, પરખ ભટ્ટ, કિરણ કાપુરે તથા દિવ્યેશ વ્યાસ ગુગલના જમાનામાં વાચકોને નવું વાંચન આપવાની વાત કરી હતી.




'મધુ રાયના મનમાં' શીર્ષક હેઠળ મધુ રાય સાથે સૌમ્ય જોશીએ સંવાદ કર્યો હતો. પ્રથમ દિવસના છેલ્લાં કાર્યક્રમમાં 'કલ્પના મૃત્યુ' વિષય અંતર્ગત ઝવેરચંદ મેઘાણીની વાર્તા 'જેલની બારી' પરથી રૂપાંતરિત નાટકની રજૂઆત કરવામાં આવી હતી. આ જ દિવસે દિવ્યાશા દોશીના પુસ્તક 'પુરુષ માનસિકતા અને માન્યતાઓ'નું વિમોચન રાજ ગોસ્વામી અને શ્રેયા સંઘવી દ્વારા કરવામાં આવ્યું હતું.




લિટરેચર ફેસ્ટિવલના બીજા દિવસે 'ગાંધીજીના ૧૫૦ વર્ષ' વિષય હેઠળ જય વસાવડાએ પ્રેક્ષકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. 'માણસ નામે સેપિયન્સ'માં લેખક યુવલ નોઆહ હરારી અને તેમના પુસ્તકો વિશે ભાગ્યેશ જહા અને મેહુલ દેવકલાએ વાત કરી હતી. 'નવી સ્ટોરી ક્યાં સુધી નવી?' અંતર્ગત નીતિન ત્રિવેદી, વિપુલ વ્યાસ, વિશાલ ભાદાણી, આનંદ ઠાકર, સાગર શાહ અને રામ મોરીએ નવા લેખકોની સર્જનાત્મકતા ક્યાં સુધી જળવાઈ રહેશે? તેની ચર્ચા કરી હતી. 'સરદાર-સુભાષના નામે' વિષય અંતર્ગત રિઝવાન કાદરી, વિષ્ણુ પંડ્યા, ઉર્વિશ કોઠારી અને RJ ધ્વનિતે વાત કરી હતી. બપોરના સેશનમાં સાહિત્ય માત્ર સાહિત્ય ન હોઈ શકે? તે અંગે 'શું સાહિત્યમાં વાડાબંધી જરૂરી છે?' વિષય હેઠળ ચંદુ મહેરિયા, ઉર્વી તેવાર અને જિતેન્દ્ર વસાવાએ ચર્ચા કરી હતી. 'કવિતા-પ્રેમ અને પેઈન' વિશે યુવા કવિઓ વૈશાખ રતનબેન, કુસુમ ડાભી, મેહુલ દેવકલા, વેદિકા મિશ્રા અને ડૉ. નિમિત્ત ઓઝા દ્વારા કાવ્યપઠન કરવામાં આવ્યું હતું. સાંજના સેશનમાં 'એક રાસ્તા હૈ જિંદગી' વિષય પર જય વસાવડાએ પોતાનાં પ્રવાસના અનુભવો પ્રેક્ષકો સાથે વહેંચ્યા હતા. 'દુહા, છંદ અને સપાખરાંની મોજ' ડૉ. રણજીત વાંકે પ્રસ્તુત કરી હતી.






કાર્યક્રમના અંતિમ દિવસે સવારના કાર્યક્રમોમાં 'કોથળામાં પાંચશેરી' વ્યંગના સંગમાં શિલ્પા દેસાઈ, તુષાર દવે અને જિગીષા ત્રિવેદીએ શ્રોતાઓ સાથે વાત કરી હતી. બાબાસાહેબ આંબેડકરના વિચારો વિશે 'વડોદરાની વિશ્વને ભેટ- ડૉ. આંબેડકર' વિષય હેઠળ ચંદુ મહેરિયા અને ભરત મહેતાએ વાત કરી હતી. બપોરના સેશનમાં 'ટ્રાઇબલ બોલીઓની ઈન્ટરેસ્ટિંગ સ્ટોરીઓ' વિશે ડાહ્યાભાઈ વાઢુ, કુલિન પટેલ, ઉમેશ ગામીત, રોશન ચૌધરી અને વિમલ ચૌધરીએ લોકબોલીમાં સચવાયેલી વાર્તાઓ વિશે વાત કરી હતી.







પરદેશની ગુજરાતી કવિતા 'બ્લૂ જિન્સના બાગમાં' વિષય હેઠળ કાજલ ઓઝા વૈદ્યએ વાતચીત કરી હતી. 'Facebook પર ફટકાબાજી' વિશે રાજ ગોસ્વામી અને શીલા ભટ્ટે વાત કરી હતી. સાંજના સેશનમાં 'કવિ કહેવા શું માંગે છે?'માં નવી પેઢીના કવિઓ અનંત રાઠોડ, વનરાજસિંહ સોલંકી, નરેશ સોલંકી, કુલદીપ કારિયા, વિરલ દેસાઈ, ચૈતાલી જોગી અને મૃગાંક શાહ દ્વારા કવિતાઓ રજૂ કરાઈ હતી. આ કાર્યક્રમનું સંચાલન તાહા મન્સૂરીએ કર્યું હતું. અંતિમ કાર્યક્રમમાં 'ક્રિયેટીવિટીનું મેઘધનુષ' વિષય અંતર્ગત કાજલ ઓઝા વૈદ્ય દ્વારા તેમની ક્રિયેટીવ સફર વિશે વાત કરવામાં આવી હતી. આમ, આ સમગ્ર ફેસ્ટિવલમાં ગુજરાતી-મરાઠી ભાષા સાહિત્ય ઉપર ૭૦થી વધુ વક્તાઓએ ભાગ લીધો હતો. વડોદરાની સાહિત્યપ્રેમી જનતા ઉપરાંત અન્ય શહેરના સાહિત્યપ્રેમીઓએ આ લિટરેચર ફેસ્ટિવલમાં હાજરી આપી હતી.



# ગુજરાતી બુક ક્લબ અને કર્મા ફાઉન્ડેશન દ્વારા યોજાયું 'કવયિત્રી સંમેલન'



(ડાબેથી) ભાર્ગવી પંડ્યા, પાર્થવી અધ્યારૂ શાહ, રાધિકા પટેલ, સ્નેહલ પટેલ, ડૉ. ઉષા ઉપાધ્યાય, ઈશીતા દવે અને વર્ષા પ્રજાપતિ

ગુજરાતી બુક ક્લબ અને કર્મા ફાઉન્ડેશન દ્વારા તારીખ ૧૯મી જાન્યુઆરીના રોજ 'કવયિત્રી સંમેલન' એક રોચક અને યાદગાર કાર્યક્રમ યોજાયો હતો. અમદાવાદના ગજ્જર હોલ ખાતે યોજાયેલ વર્ષ ૨૦૧૯નો પ્રથમ કાર્યક્રમને સફળ બનાવવા તેની સાથે સંકળાયેલ દરેક વ્યક્તિ ઉત્સાહીત હતી.

કાર્યક્રમની શરૂઆત ઉદ્ઘોષિકા પૂજા દલાલ ધોળકિયાએ સૌ મહેમાનોને તેમના આગવા અંદાજમાં આવકારીને કરી. ગુજરાતી બુક ક્લબના ગત વર્ષના પ્રસિડેન્ટ કુનાલભાઈ વ્હોરાએ તેમના સફળ કાર્યકાળ દરમિયાનની કેટલીક વાતો કરી. આમંત્રિત અતિથિ વિશેષ ડૉ. ઉષાબેન ઉપાધ્યાયએ તેમને આભારપત્રકથી સન્માનિત કર્યા હતા.



કુનાલ વ્હોરાને આભારપત્રક એનાયત કરતા ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય

કવયિત્રિ ઈશાની દવેએ તે પછી કાર્યક્રમનનો દોર સંભાળ્યો. કવયિત્રિગણ વર્ષાબેન પ્રજાપતિ,રાધિકાબેન પટેલ, પાર્થિવીબેન અધ્યારૂ શાહ, ભાર્ગવીબેન પંડ્યા તેમજ ડૉ.ઉષાબેન ઉપાધ્યાયે પોતાની રચનાઓ વડે સૌ શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા. દરેક કવયિત્રીએ વિવિધ વિષયો પર રચેલી કવિતાઓનું પઠન કર્યું. કોઈએ કૃષ્ણ પર, કોઈએ સવાર પર, કોઈએ ડીજીટલ યુગ પર તો કોઈએ 'પોતાના અસ્તિત્વ' જેવા વિવિધ વિષયો પર પોતાની કવિતાઓની રજૂઆત કરી.

ઈશાની દવેના સફળ સંચાલનમાં 'વાહ' તેમજ 'દોબારા'ના દોર સાથે સૌ કવયિત્રીઓએ પોતાની ઉત્તમ રચનાઓ પ્રસ્તુત કર્યાની સંતુષ્ટ લાગણી અનુભવી. અંતમાં કુનાલભાઈ વ્હોરાએ આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું. પ્રસિડેન્ટ સ્નેહલભાઈ પટેલ, એડવાઇઝર અશોકભાઈ દવે, સેક્રેટરી શ્રીમતી અરુણાબેન મહેતા, ટ્રેઝરર નૃતિ શાહ તેમજ દેવાંગભાઈ શાહ કમિટી મેમ્બર ઉપરાંત કવયિત્રીઓને દાદ આપવા બહોળી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યાં હતા.



# જલોટા ફાઉન્ડેશનનો ૧૧મો ગ્લોરી એવોર્ડ સમારોહ યોજાયો



જલોટા ફાઉન્ડેશનનો ૧૧મો ગ્લોરી એવૉર્ડ સમારોહ તારીખ ૧૭મી જાન્યુઆરીએ મુંબઈના નહેરુ સેન્ટર ખાતે યોજાઈ ગયો. ભજન સમ્રાટ પદ્મશ્રી પુરુષોત્તમદાસ જલોટા સંગીત સેવા પુરસ્કાર પ્રખ્યાત શાસ્ત્રીય ગાયક પદ્મભૂષણ રાજન-સાજન મિશ્રને, ભજન મહર્ષિ હરિઓમ શરણ ભક્તિસંગીત પુરસ્કાર ભજન ગાયક શર્માબંધુને, પદ્મશ્રી ડૉ. રવીન્દ્ર જૈન બહુમુખી પ્રતિભા પુરસ્કાર પાર્શ્વગાયક ઉદિત નારાયણ તથા શ્રીમતી મેઘા જલોટા ઉદયોન્મુખી નૃત્યાંગના પુરસ્કાર પ્રતીક્ષા કાશીને એનાયત કરાવામાં આવ્યો હતો. હિંદુજા ફાઉન્ડેશન, દિલીપ પિરામલ, કમલેશ સોનાવાલા, રાજેશ કાપડિયા, અર્પણ ફાઉન્ડેશન, એફ.ઈ.આઈ. કાર્ગો લિમિ., વાસુ શ્રોફ, રાની પોદાર, રીના મહેતા અને રેખા મોહતા દ્વારા પ્રાયોજિત આ સમારોહમાં વરિષ્ઠ ફોટોગ્રાફર અને પત્રકાર સુરેશ જેઠવાને સન્માનિત કરવામાં આવ્યા હતા. અનુપ જલોટા ઉપરાંત ગુરુકુલ જલોટાના શિષ્યો દ્વારા સંગીતા પાત્રા, કુમાર સત્યમ, નીતેશ અમિત ભારતી, સાંજના ઠાકુર અને નેહા રિઝવીએ ભક્તિ ગીતની રજૂઆત કરી હતી.




તથાસ્તુ ઇવેન્ટના પ્રમુખ ભરત ઓઝાની દેખરેખમાં યોજાયેલ આ સમારોહમાં વાદક કલાકારો દેવેન્દ્ર ભારતી, સુબૂર ખાન, કરણ નાગપાલ, મોહમ્મદ રાશીદ ખાં, રત્નેશ મિશ્ર, ઝુબેર વારસી અને દેવેન પંડ્યાએ વાદ્યસંગત કરી હતી. કાર્યક્રમનું સંચાલન કિશન શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.






# ભારત સરકારના પદ્મશ્રી એવોર્ડથી ગુજરાત ઝળહળી ઊઠ્યું




પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ

પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ ભારત સરકાર દ્વારા દેશનાં સર્વોચ્ચ નાગરિક સન્માન સમા પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં દેશભરની નામાંકિત વ્યક્તિઓનો સમાવેશ કરાયો છે. લોકસંગીત માટે છત્તીસગઢના તીજનબાઈ અને રંગમંચ કલા માટે મહારાષ્ટ્રના બલવંત મોરેશ્વર પુરંદરે તથા અન્ય બે વ્યક્તિઓને પદ્મવિભૂષણ એનાયત થયો હતો. સિતારવાદન માટે પશ્ચિમ બંગાળના બુધાદિત્ય મુખર્જી, કેરળના ફિલ્મ અભિનેતા મોહનલાલ વિશ્વનાથન નાયર ઉપરાંત અન્ય ૧૨ હસ્તીઓને પદ્મભૂષણ એનાયત કરાયા હતા.

પદ્મશ્રી પુરસ્કાર માટે ભારત સરકાર દ્વારા ૯૪ હસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં કંઠ્યસંગીત માટે ઉત્તર પ્રદેશના રાજેશ્વર આચાર્ય, ફિલ્મ અભિનેતા મનોજ બાજપાઈ, લોકસંગીત માટે ઉત્તરાખંડના પ્રીતમ ભારતવન, તબલાંવાદન માટે પશ્ચિમ બંગાળના સ્વપન ચૌધરી, નાટ્ય અભિનેતા દિન્યાર કોન્ટ્રકટર, બાંસુરીવાદન માટે ત્રિપુરાના થંગા દરલોન્ગ, ફિલ્મમાં ડાન્સ માટે પ્રભુ દેવા, ચિત્રકલા માટે બિહારના ગોદાવરી દત્તા, ભક્તિસંગીત માટે કેરળના કે. જી. જયાન, નાટ્યકલા માટે મહારાષ્ટ્રના વામન કેન્દ્રે ઉપરાંત ફિલ્મ અભિનેતા કાદર ખાન (મરણોત્તર સન્માન) પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગાયક શંકર મહાદેવન, ભરતનાટ્યમ માટે તામિલનાડુના નર્તકી નટરાજ, સંગીત માટે છત્તીસગઢના અનુપ રંજન પાંડે, અનુપ સાહને ફોટોગ્રાફી માટે, ફ્રાન્સના મીલેના સલ્વીનીને કથકલી નૃત્યકલા

માટે, તેલંગાણાના ગીતકાર સીરીવેન્નેલા સીથારમણ સાસ્ત્રી, તામીલનાડુના આનંદમ શિવમણીને તેમના સંગીતના પ્રદાન માટે, કર્ણાટકના રાજીવ થારાનાથને સરોદવાદન માટે તથા ઉત્તર પ્રદેશના લોકસંગીતના ગાયક હીરાલાલ યાદવને સન્માનિત કરવામાં આવ્યા હતા. અન્ય ક્ષેત્રના મહાનુભાવોને પણ આ પ્રસંગે પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.



પદ્મશ્રી જ્યોતિ ભટ્ટ

ભારત સરકારની પદ્મ એવોર્ડથી ગુજરાત ઝળહળી ઊઠ્યું છે. જે છ ગુજરાતીને પદ્મશ્રીની જાહેરાત થઈ છે તેમાં કલા-ચિત્રકલા માટે જ્યોતિ ભટ્ટ, સમાજસેવા બદલ મુક્તાબેન ડગલી, ચિત્રકલા માટે કચ્છના અબ્દુલ ગફુર ખત્રી, કૃષિક્ષેત્રે વલ્લભભાઈ વસરામભાઈ મારવાણિયા અને સ્થાપત્યમાં બિમલ પટેલનો સમાવેશ થાય છે. અમેરિકામાં રહેતા ગુજરાતી અને ગણપત યુનિવર્સિવટીના ગણપતભાઈ પટેલને પદ્મશ્રીથી સન્માનિત કરાયા છે.



પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રી

છેલ્લાં ૫૦ વર્ષથી લોકસાહિત્ય અને લોકકલાને જીવંત રાખનાર જોરાવરસિંહ જાદવને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યાં છે. તેમણે લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, લોકજીવન, લોકમનોરંજન, લોકશિલ્પ-સ્થાપત્ય, લોકકલા અને કસબ, લોકનૃત્ય, લોકસંગીત, લોકનાટ્ય વિવિધ અંગો પર ઘણું કામ કર્યું છે. તેમણે ગુજરાતી સાહિત્યમાં ૯૩ જેટલાં અભ્યાસી ગ્રંથો લખ્યાં છે. જોરાવરસિંહ જાદવે ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા કલાકારોને નગરોનાં રંગમંચ, દૂરદર્શન, ગુજરાતી ફિલ્મ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તખ્તા પર લાખો દર્શકો સમક્ષ ગૌરવપૂર્ણ રીતે મૂકી કલાકારોને યશ અને પ્રતિષ્ઠા અપાવી છે.

વિભન્ન ક્ષેત્રે પોતાનું મહત્ત્વનું યોગદાન આપનારા ગુજરાત ઉપરાંત સમગ્ર ભારતના પુરસ્કૃત કલાકારોને ખૂબ ખૂબ અભિનંદન.

# હાસ્ય લેખક મહેશ શાહે શા માટે કહ્યું ? આપણું કંઈ નક્કી નહીં




ડાબેથી શ્રીમતી મીતા મહેશ શાહ, જય વસાવડા, મહેશ શાહ, ભાગ્યેશ જહા

જી.એલ.એફ. વડોદરા ખાતે હાસ્યલેખ સંગ્રહનું વિમોચન થયું. તાજેતરમાં વડોદરા ખાતે સાહિત્ય-સંસ્કૃતિ-સિનેમા અને સંગીતનો ત્રિદિવસીય અનેરો કળામહોત્સવ 'ગુજરાતી લિટરેચર ફેસ્ટિવલ' (જી.એલ.એફ.) યોજાઈ ગયો.

જીએલએફમાં વિવિધ સાહિત્યિક-સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત પુસ્તક વિમોચનનો કાર્યક્રમ પણ યોજાયો. જેમાં ચિત્રલેખા મેગેઝીનના અમદાવાદના વરિષ્ઠ પત્રકાર મહેશ શાહના હાસ્ય લેખોના પ્રથમ પુસ્તક 'આપણું કંઈ નક્કી નહીં'નું વિમોચન જાણીતા કવિ અને નિવૃત્ત આઈ.એ.એસ. ભાગ્યેશ જહા તથા વિખ્યાત લેખક-વક્તા જય વસાવડાએ કર્યું હતું.


વિમોચન પ્રસંગે ભાગ્યેશભાઈએ કહ્યું હતું કે, 'હાસ્ય નિષ્પન્ન કરવા માટે નિર્મળ હૃદય અને નિર્ભય મન આવશ્યક છે. મહેશ શાહે એમાં કાઠું કાઢ્યું છે. એ પરથી લાગે છે કે તે સારા હાસ્ય લેખક છે.'

જ્યારે જય વસાવડાએ કહ્યું હતું કે, 'મહેશભાઈ સ્માઇલી ફેસ સાથે સરળતા-નમ્રતાથી વાત કરે ત્યારે તેમાં સહજપણે હાસ્ય પીરસી દે છે. એમની સાથેના વર્ષોના પરિચય અને એમના સર્જનના વાચનના આધારે હું કહી શકું કે એમનામાં ધરબાયેલી ટેલેન્ટનો ગુજરાતી સાહિત્ય અને ભાષામાં પૂરો ઉપયોગ થયો નથી. હવે જરૂરી છે કે એમની ટેલેન્ટ વધુ ઝડપથી બહાર આવતી જાય.' પ્રતિભાવમાં મહેશ શાહે કહ્યું હતું કે, 'દુનિયાને હસાવનાર વિખ્યાત હાસ્યલેખક તારક મહેતાના મારા પ્રથમ પુસ્તક માટે આશીર્વાદ અને પ્રશંસા મળ્યા છે. એનો મને ખૂબ આનંદ છે.'

પત્રકાર-હાસ્ય લેખક મહેશ શાહના પ્રથમ પુસ્તક

'આપણું કંઈ નક્કી નહીં'માં ૨૯ વૈવિધ્યપૂર્ણ વિષયોના સચિત્ર હાસ્ય લેખ છે. એમાં શાલ, કાચબો, માળિયું, ગાંઠ, પસ્તી, બુટલેગર વગેરે વિષયો વાચકોને મોજ કરાવે એવા છે. પુસ્તક અમદાવાદના નવભારત સાહિત્ય મંદિરે પ્રકાશિત કર્યું છે.

પુસ્તકના આવકારમાં વિખ્યાત હાસ્ય લેખક પદ્મશ્રી તારક મહેતાએ લખ્યું છે કે, 'મહેશ શાહે મને ગપ્પાં ગોષ્ઠિમાં તો ઘણું હસાવ્યો છે, પણ 'આપણું કંઈ નક્કી નહીં'માં વાચકોને હસાવશે એ નક્કી છે.




જોગાનુજોગ તારકભાઈ મહેતા અને મહેશ શાહ બંનેનો જન્મ ખાડિયા-અમદાવાદમાં થયો. તારકભાઈએ પુસ્તકમાં યર્થાથ લખ્યું છે કે, 'ખાડિયાએ ઘણાં હાસ્યલેખકો આપ્યા છે. મહેશ શાહ એ રીતે મારો ખાસંખાસ ખાડિયાઈ મિત્ર છે.'

એ જ રીતે જાણીતા હાસ્ય લેખક મન્નુ શેખચલ્લીએ લખ્યું છે કે, 'મહેશભાઈ પોતાની જીનેટિક વણિકવૃત્તિનો ઉપયોગ હાસ્ય લેખન જેવા બિન-નફાકારક વ્યવસાયમાં કરી રહ્યા છે.'

મહેશ શાહ વિશ્વભરના ગુજરાતીઓના માનીતા ગુજરાતી મેગેઝીન 'ચિત્રલેખા' અમદાવાદ કાર્યાલયમાં વર્ષોથી વરિષ્ઠ પત્રકાર છે. તેમજ હાસ્યલેખક તરીકે પણ આગવી ઓળખ પામ્યા છે. એમના હાસ્ય લેખો જુદાજુદા ગુજરાતી દૈનિકો, મેગેઝીનોમાં પ્રકાશિત થયા. તેમજ આકાશવાણી, માય એફ.એમ. રેડિયો અને ગુજરાતી લિટરેચર ફેસ્ટિવલમાં એમના હાસ્યને અનેક લોકોએ માણ્યું. ધીર ગંભીર પ્રકૃતિ ધરાવતા મહેશ શાહ ઇન્સ્ટન્ટ હ્યુમર વન લાઇનર દ્વારા સૌને મોજ કરાવતા હોય છે.

'સ્વરસેતુ' સાથેની વાતચીતમાં પત્રકાર અને હાસ્ય લેખક મહેશ શાહે કહ્યું કે, 'પત્રકારત્વ અને હાસ્યલેખન બંને જુદા લેખન ક્ષેત્ર છે. હાસ્ય લેખન કરવું સહજ-સરળ નથી. પત્રકારત્વના દીર્ઘ અનુભવ થકી મને વ્યક્તિના વર્તન અને વ્યવહાર સમજવાની તક મળી છે. જે મને હાસ્યલેખન માટે પણ ઉપયોગી બને છે.'

અમદાવાદી હાસ્ય લેખક મહેશ શાહની હાસ્ય શૈલીનો મિજાજ માણવા માટે સ્વરસેતુએ એમને પૂછ્યું, અમદાવાદમાં તમને શું બદલાયેલું—પરિવર્તન થયું લાગે છે?

એમનો જવાબ મોજ પમાડે એવો હતો.

તમે પણ માણો: 'ઘણાં અમદાવાદીઓ હવે બેસણાં માટે સફેદ વસ્ત્રોને મેચિંગ થાય એવી કાર પણ સફેદ લઈને જાય છે. જૂની ચલણી નોટને હેરિટેજ નોટ કહે છે.'

ભાવિ આયોજન વિશેના જવાબમાં મહેશ શાહે કહ્યું કે, 'આગામી સમયમાં હ્યુમર વન લાઇનર્સ—ફન લાઇનર્સનો સંગ્રહ પ્રકાશિત થશે.'

સ્વરસેતુ પરિવારની મહેશ શાહને સ્મિતમય શુભકામના.

**પુસ્તક મેળવવાનું સરનામું:**
**નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસરની બાજુમાં, પતાસા પોળ, અમદાવાદ. મહેશ શાહ - 93270 20775**

# જન્મદિવસ શુભ હો... શુભદાયી... સુખદાયી... ચિર આયુ પામો

**૧ માર્ચ: હસમુખ ભાવસાર** (નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૧ માર્ચ: વિપુલ આચાર્ય** (ગાયક, અમદાવાદ)

**૨ માર્ચ: આણંદજીભાઈ શાહ** (સંગીતકાર, મુંબઈ)

**૨ માર્ચ: ભાસ્કર શુક્લ** (સાહિત્યકાર, ગાંધીનગર)

**૨ માર્ચ: આનલ મહેતા** (ગાયિકા, અમદાવાદ)

**૩ માર્ચ: શંકર મહાદેવન** (ગાયક, સંગીતકાર, મુંબઈ)

**૩ માર્ચ: નરેશ વેદ** (સાહિત્યકાર, વલ્લભવિદ્યાનગર)

**૩ માર્ચ: રેખા ઠાકર** (ગાયિકા, અમદાવાદ)

**૪ માર્ચ: પાર્થ ત્રિપાઠી** (વાદક કલાકાર-તબલા, અમદાવાદ)

**૭ માર્ચ: સાધના સરગમ** (પાર્શ્વગાયિકા, મુંબઈ)

**૭ માર્ચ: કૃષ્ણકુમાર નાયક** (ગાયક, અમદાવાદ)

**૯ માર્ચ: અંકિત ત્રિવેદી** (કવિ, સંચાલક, અમદાવાદ)

**૯ માર્ચ: ઝાકીર હુસૈન** (વાદક કલાકાર-તબલા, મુંબઈ)

**૧૦ માર્ચ: દીપક અંજારિયા** (ગાયક, સ્વરકાર, વડોદરા)

**૧૦ માર્ચ: આરતી મણિયાર** (નાટ્ય કલાકાર, અમદાવાદ)

**૧૧ માર્ચ: સુજાતા મહેતા** (નાટ્ય કલાકાર, અભિનેત્રી, મુંબઈ)

**૧૨ માર્ચ: પદ્મશ્રી ડૉ. ગુણવંત શાહ** (સાહિત્યકાર, સુરત)

**૧૨ માર્ચ: હેતલ અવસ્થી** (ગાયિકા, ભાવનગર)

**૧૨ માર્ચ: સ્વરા ભટ્ટ** (ગાયિકા, ભાવનગર)

**૧૨ માર્ચ: ફાલ્ગુની પાઠક** (ગાયિકા, મુંબઈ)

**૧૨ માર્ચ: ચંદન દાસ** (ગાયક, સંગીતકાર, મુંબઈ)

**૧૨ માર્ચ: શ્રેયા ઘોષાલ** (ગાયિકા, મુંબઈ)

**૧૩ માર્ચ: કલ્પેશ ભડિયાદરા** (લોકનૃત્યકાર, ભાવનગર)

**૧૩ માર્ચ: હરિતા ખાંધેડિયા** (અભિનેત્રી, ભાવનગર)

**૧૪ માર્ચ: સમીર સેન** (સંગીતકાર, મુંબઈ)

**૧૪ માર્ચ: પ્રેમશંકર ભટ્ટ** (કવિ, લેખક, ભાવનગર)

**૧૫ માર્ચ: વાસુદેવ પાઠક 'વાગર્થ'** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

**૧૫ માર્ચ: શિલ્પા પંડિત** (ગાયિકા, અમદાવાદ)

**૧૫ માર્ચ: ઇલા અરુણ** (ગાયિકા, મુંબઈ)

**૧૬ માર્ચ: લલિત** (સંગીતકાર, મુંબઈ)

૧૭ માર્ચ: **એસ્થર ડેવિડ** (શિલ્પી, ચિત્રકાર, સાહિત્યકાર, અમદાવાદ)

૧૮ માર્ચ: **અલીશા ચિનોય** (ગાયિકા, મુંબઈ)

૧૮ માર્ચ: **નિર્મિશ ઠાકર** (કવિ, લેખક, અમદાવાદ)

૧૮ માર્ચ: **ચિત્રા સિંહ** (ગાયિકા, મુંબઈ)

૨૦ માર્ચ: **અલકા યાજ્ઞિક** (ગાયિકા, મુંબઈ)

૨૧ માર્ચ: **રાહી અંધારિયા** (સાહિત્યકાર, ભાવનગર)

૨૧ માર્ચ: **જગત ભટ્ટ** (વાદક કલાકાર-કોંગો, ભાવનગર)

૨૧ માર્ચ: **પ્રતિભા ઠક્કર** (કવયિત્રી, લેખિકા, ભાવનગર)

૨૨ માર્ચ: **તપન દીવાનજી** (રેકોર્ડિસ્ટ, મુંબઈ)

૨૩ માર્ચ: **સારંગ દેવ** (સંગીતકાર, મુંબઈ)

૨૩ માર્ચ: **પ્રહર વોરા** (ગાયક કલાકાર, અમદાવાદ)

૨૩ માર્ચ: **સ્મૃતિ ઈરાની** (ટીવી. કલાકાર, મુંબઈ)

૨૪ માર્ચ: **મિતેન ટોલાટ** (સાઉન્ડ-વીડિયોગ્રાફર, અમદાવાદ)

૨૪ માર્ચ: **યજ્ઞેશ દવે** (કવિ, સાહિત્યકાર, રાજકોટ)

૨૪ માર્ચ: **મહેન્દ્ર ઉપાધ્યાય** (ચિત્રકાર, ભાવનગર)

૨૫ માર્ચ: **દિલીપ સેન** (સંગીતકાર, મુંબઈ)

૨૫ માર્ચ: **રાજુલ પટેલ** (ગાયિકા, અમદાવાદ)

૨૭ માર્ચ: **અંકિતા મહેતા** (કથ્થક નૃત્યકાર, ભાવનગર)

૨૭ માર્ચ: **અદિતિ ઠાકોર** (અભિનેત્રી, ફિલ્મનિર્માણ, અમદાવાદ)

૨૭ માર્ચ: **નૃપી ખાંડેકર** (વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)

૨૮ માર્ચ: **પ્રવીણ ક. લહેરી** (ભૂતપૂર્વ સચિવશ્રી, સાહિત્યકાર, અમદાવાદ)


૨૮ માર્ચ: **માધુરી વૈષ્ણવ** (ગાયિકા, ભાવનગર)


૨૯ માર્ચ: **અજય પટેલ** (વાદક કલાકાર-વાયોલીન, ગાયક, યુ.એસ.એ.)

૨૯ માર્ચ: **પુષ્પા અંતાણી** (સાહિત્યકાર, વડોદરા)

૩૧ માર્ચ: **જિજ્ઞા વ્યાસ** (નાટ્ય કલાકાર, અમદાવાદ)

૩૧ માર્ચ: **હનીફ સાહિલ** (કવિ, નડિયાદ)






**Audio CD And DVD Available at all Music Stores**

**Marketed by :**

**Wonder Waves Entertainments Pvt. Ltd.**

707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380 006

Contact us : 26561834/35 | Visit us at : www.shyamalsaumil.com